
卐 આદરણીય શ્રી રામજીભાઈ દોશી—જન્મશતાબ્દિ વિશેષાંક 卐



卐 આદરણીય શ્રી રામજીભાઈ દોશી—જન્મશતાબ્દિ વિશેષાંક 卐

સપ્ટેમ્બર, ઓક્ટોબર ✻ આત્મધર્મ ✻ અંક : ૩, ૪


૧૯૮૨ [ ૪૬૭, ૪૬૮ ] વર્ષ : ૩૯

અધ્યાત્મધર્મપ્રભાવક પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના સન્નિષ્ઠ ભક્ત

# શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીને

તેમની જન્મશતાબ્દિ-ઉત્સવ પ્રસંગે સમર્પિત


# અભિનંદન-પત્ર



## ગુરુદેવના એકનિષ્ઠ ભક્ત !

શાસનનાયક દેવાધિદેવ ભગવાન શ્રી મહાવીરસ્વામી પર્યંત અનંત તીર્થંકરોએ દિવ્ય ધ્વનિ દ્વારા પ્રકાશેલ સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિક-પરમભાવલક્ષણ-નિજપરમાત્મદ્રવ્યની પાવન જ્યોતને ઝીલીને, વીરશાસનસ્તંભ ભગવાન કુંદકુંદાચાર્યદેવે વહાવેલી અધ્યાત્મશ્રુતસરિતાના પરમામૃતનું પાન કરીને સમગ્ર ભારતવર્ષમાં તથા વિદેશમાં શુદ્ધાત્મરુચિનો નવયુગ પ્રવર્તાવ્યો છે એવા સ્વાત્મજ્ઞ સંત પરમોપકારી પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના કલ્યાણકારી જ્ઞાનવૈરાગ્યવર્ધક

[ અનુસંધાન પાના ૯ ઉપર ]



આદરણીય મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને તેમની જન્મશતાબ્દિ સમારોહ
પ્રસંગે સમસ્ત મુમુક્ષુઓ વતી પં. શ્રી હિંમતભાઈ ચાંદીના
કાસ્કેટમાં સંગ્રહિત અભિનંદન-પત્ર અર્પણ કરી રહ્યા છે.



આદરણીય મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીને તેમની જન્મશતાબ્દિ સમારોહ પ્રસંગે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ડૉ. પ્રવિણભાઈ દોશી સુખડનો હાર પહેરાવીને અભિનંદન આપી રહ્યા છે તથા ટ્રસ્ટી શ્રી વૃજલાલભાઈ આદરણીય પ્રમુખશ્રીને સુખડનો હાર પહેરાવી રહ્યા છે.

વાર્ષિક લવાજમ રૂપિયા નવ
વર્ષ ૩૯
અંક ૩
[ ૪૬૭ ]

વીર સંવત ૨૫૦૮
AD 1982
SEPT.




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# ગુરુદેવની મહિમા જેટલી કરીએ તેટલી ઓછી છે

## હું તો તેમના ચરણોનો દાસ છું

[ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શ્રીમુખેથી વહેલા અમૃતોપમ અધ્યાત્મ વચનોદ્ગાર ]

**૬૯મી જન્મજયંતીના મંગલ દિને, દર્શનાર્થીઓની જિજ્ઞાસા જાણીને, ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી દ્વારા માર્મિક તત્ત્વ સંબોધન :–**

હું શું બોલું? ગુરુદેવે ઘણું સંભળાવ્યું છે. ગુરુદેવનો પરમ ઉપકાર છે. આ ભરતક્ષેત્રે બધું—ચૈતન્યનું સ્વરૂપ—સમજાવ્યું હોય તો ગુરુદેવે. ગુરુદેવે જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે જ બધાએ ચાલવાનું છે. આ પંચમ કાળની અંદર—આ વિષમ કાળની અંદર—ગુરુદેવનો જે જન્મ થયો તે મહાભાગ્યની વાત હતી. ગુરુદેવે અહીંયાં પધારીને 'ચૈતન્ય કોઈ અપૂર્વ છે' એમ તેની અપૂર્વતા બતાવી અને અંતરદૃષ્ટિ કરવા સમજાવ્યું તે, ગુરુદેવનો પરમ ઉપકાર છે.

ગુરુદેવ વગરનું તો બધું સૂનું લાગે છે. ગુરુદેવ તો ગુરુદેવ જ હતા. તેમની વાણી કોઈ અપૂર્વ હતી. તેમની વાણી પાછળ ચૈતન્ય જ દેખાતું હતું. તે માર્ગે જ ચાલવાનું છે. ગુરુદેવે કહ્યું કે—એક જ્ઞાયકને ઓળખો; બસ, બીજું બધું ચૈતન્યથી જુદું છે; આ શરીર જુદું, વિભાવ પર્યાય આત્માનો સ્વભાવ નથી;—બધું તેનાથી જુદું છે. એક ચૈતન્યદેવ–જ્ઞાયક તે અનાદિઅનંત શાશ્વતો છે. અનંતાં દ્રવ્યોની સાથે રહે તોપણ તે એવો

ને એવો છે. આનાં દ્રવ્ય-ગુણ તેમાં જાતાં નથી, તેનાં દ્રવ્ય-ગુણ-પર્યાય આમાં આવતાં નથી. સૌનાં પોતપોતામાં જ રહે છે. એવા અનંતાં દ્રવ્યોની પાસે રહે તોપણ પોતે તો એવો ને એવો. તેનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ—બધાં એનાં એનામાં, બીજાનાં બીજામાં છે. તેનો સ્વભાવ છૂટીને કોઈ વાર પરદ્રવ્યરૂપે થતો નથી, તેના ગુણો પરરૂપે થતા નથી, પર્યાયો પણ પરરૂપે થતી નથી.

પોતે પોતામાં રહેનારો પૂર્ણસ્વભાવી શાશ્વતો ચૈતન્ય પદાર્થ છે, પણ તેની દૃષ્ટિ વિભાવમાં ગઈ છે. તેથી તેના જ્ઞાનની શક્તિ તેમ જ અન્ય શક્તિઓ ઓછી અથવા વિકારી થઈ ગઈ છે. પર્યાયની પ્રગટતા નથી. સ્વભાવ તો પૂર્ણ છે, પર્યાયની શક્તિ ઓછી થઈ છે. માટે સ્વભાવથી પરિપૂર્ણ એવો જે આત્મા, તેના તરફ દૃષ્ટિ કરવી, તેનું જ્ઞાન કરવું અને તેના તરફ લીનતા કરવી—એ જ જીવનમાં કરવા જેવું છે.

અહીંયાં (આત્મામાં) જેણે જ્ઞાયકની ધારા પ્રગટાવી, તેને જ્ઞાયક-ધારા થતાં કર્તાબુદ્ધિ છૂટી જાય છે—એકલી જ્ઞાયકતા રહે છે; એને અંશે મુક્તદશા થાય છે, અંશે નિર્મળતાની દશા અને શાન્તિ પ્રગટ થાય છે. તેને વિકલ્પ તરફની દૃષ્ટિ ઉઠાવીને નિર્વિકલ્પદશા થાય છે ત્યાં તેની—ચૈતન્યની—આખી દશા જ જુદી થઈ જાય છે. તે તો—ચેતન—પોતે પોતાના ઉત્પાદ-વ્યયમાં રમનારો, આનંદ આદિ અનંત ગુણમાં ઝૂલનારો, અનંત ગુણ-પર્યાયમાં રહેનારો, ચૈતન્યનું કોઈ અદ્ભુત સ્વરૂપ પ્રગટ કરે છે. જ્ઞાતાધારાની ઉગ્રતા થતાં વિકલ્પ છૂટી જાય છે અને નિર્વિકલ્પદશા પ્રગટ થાય છે. જ્ઞાનીઓ એવી જ્ઞાતાધારાએ રહે છે.

પંચ પરમેષ્ઠીમાં જે આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ—અરિહંત ને સિદ્ધભગવાને તો પૂર્ણતા સાધી લીધી છે, બાકી રહ્યા તે સાધકદશા સાધે છે—તે તો ક્ષણે ક્ષણે ચૈતન્યમાં વસે છે, ચૈતન્ય વગર તેમને કોઈ ચેન નથી, વારંવાર તેમની પરિણતિ સહજ વળી રહી છે—ચૈતન્યમાં જ જાય છે. તેમની પરિણતિ જ એવી સહજ હોય છે કે તેની ધારા ચૈતન્ય તરફ જ વહ્યા કરે છે. મુનિની ધારા તો ક્ષણે ક્ષણે અંતરમાં જ જાય છે. એવી જ્ઞાતાધારા ને એવા જ્ઞાયકને ઓળખવો તે જ જીવનમાં કર્તવ્ય છે.

જ્ઞાયક આખો અદ્ભુત મહિમાથી ભરેલો છે. તેનામાં અદ્ભુતતા

ભરેલી છે. માટે બીજી બધી અદ્ભુતતા છોડીને એક જ્ઞાયકની અદ્ભુતતા ગ્રહણ કર. તે જ જીવનની સફળતા છે અને તે જ કરવા જેવું છે. બાકી બધું તેની આગળ તુચ્છ છે. વિશેષતા ચૈતન્યદ્રવ્યની જ છે. સાધકને દેવ-શાસ્ત્ર-ગુરુ સંબંધી શુભભાવ અને ચૈતન્ય આત્મા સંબંધી 'હું શુદ્ધ છું, અશુદ્ધ છું, જ્ઞાન છું, દર્શન છું, ચારિત્ર છું'—એ બધા વિકલ્પ વચમાં આવે. છતાં નિર્વિકલ્પદશા આવે ત્યારે વિકલ્પ પણ છૂટી જાય છે, એકલી નિર્વિકલ્પદશા પ્રગટ થાય છે. તે નિર્વિકલ્પદશા વખતે પોતાની તે જાતની પરિણુતિ દોડતી પ્રગટ થાય છે, તેમાં પરનો કોઈ આશ્રય હોતો નથી. પોતાની સહજ પરિણુતિની દશા પ્રગટ થઈ છે. એ સહજસ્વરૂપ આત્મા, તેનું સહજ જ્ઞાન, તેનું સહજ દર્શન ને તેની સહજ ચારિત્રપરિણુતિ સહજદશાએ પ્રાપ્ત થાય છે, તેની દોડ જ તે તરફ થઈ જાય છે. તેને ચૈતન્ય વગર ચેન પડતું નથી, તેથી તેની તરફ જ તેની દોડ થઈ જાય છે. તે જ જીવનનું કર્તવ્ય છે.

તે જ્ઞાયકને ઓળખવો, તેની મહિમા કરવી તેનો અભ્યાસ કરવો અને તેમાં લીનતા કરવી. તે કરવાથી ચૈતન્ય પ્રગટ થયા પછી—ચૈતન્યની અદ્ભુત દશા પછી—ભેદજ્ઞાનની ધારા સહજ વર્તે છે. તેને ગમે તે કાર્યમાં —વિકલ્પમાં આવ્યો હોય તોપણ—જ્ઞાતાધારા છૂટતી નથી. જાગતાં, સૂતાં, સપનામાં, ખાતાં-પીતાં તેને જ્ઞાયકની ધારા છૂટતી નથી, અને નિર્વિકલ્પદશા તરફ તેની પરિણુતિ, તેની દશા પ્રમાણે, સહજ રહે છે. મુનિઓની દશા તો વારંવાર તેમાં જાય છે. એવું ચૈતન્યનું સ્વરૂપ, એવી ચૈતન્ય તરફની દિશા, જગતથી તેની કોઈ જુદી જ દુનિયા! ચૈતન્યની દુનિયા! તે જ પ્રગટ કરવા જેવી છે; તે જ જીવનનું કર્તવ્ય છે, તે જ ગુરુદેવે બતાવ્યું છે. આ ભરતક્ષેત્રની અંદર આ વાત કોઈ જાણતું ન હતું; બધા ક્રિયાકાંડમાં પડેલા હતા. શુભભાવના કારણરૂપ ક્રિયા અને શુભભાવથી ધર્મ થાય—એમ માનનારા હતા.

આવા શુદ્ધાત્માને બતાવનારા ગુરુદેવ હતા. ગુરુદેવની મહિમા જેટલી કરીએ તેટલી ઓછી છે. બાકી બધા તેમનાં ચરણોના દાસ છે. હું તો તેમનાં ચરણોનો દાસ છું. જે તેમણે બતાવ્યું તે કરવાનું. તેમણે જ આ માર્ગ બતાવ્યો છે. ને તે માર્ગે ચાલવું તે જ જીવનનું કર્તવ્ય છે.

## ભાવલિંગી સંતને વસ્ત્ર-પાત્ર રાખવાના રાગનો અભાવ જ હોય.

શ્રી સૂત્રપાહુડ ગાથા ૧૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી, તા. ૧૦-૭-૭૦

ભગવાન કુંદકુંદાચાર્યદેવે આ અષ્ટપાહુડ બનાવ્યું છે. ખરેખર સૂત્ર કોને કહેવાય તેની આમાં વ્યાખ્યા છે. સૂત્ર જે ભગવાન તીર્થંકરદેવે કહેલાં, એ પરંપરાએ સૂત્ર કેવા આવ્યા અને એમાં શું કથન હતું અને એનાથી વિરુદ્ધ શાસ્ત્રો રચ્યાં, કલ્પિત શાસ્ત્રો રચ્યાં એ બધાં મિથ્યા શાસ્ત્રો છે-કુશાસ્ત્રો છે, એમ અહીં સિદ્ધ કરે છે. વીતરાગનો માર્ગ અનાદિથી સનાતન ચાલ્યો આવતો હતો, ભગવાન પછી ૬૦૦ વર્ષ સુધી ચાલ્યો આવ્યો ને ત્યાર પછી એમાંથી બીજા બધાંએ કલ્પિત સૂત્રો બનાવ્યા. એ બધાનાં સૂત્રો એ ભગવાનના કહેલાં સૂત્રો નથી—એમ અહીં સિદ્ધ કરવું છે.

ભગવાનના શાસ્ત્રમાં તો એમ કહ્યું છે—સૂત્રપાહુડની ૧૮મી ગાથામાં એમ કહ્યું છે કે જેવો માતાએ જન્મ્યો એવું ને જેવું તીર્થંકરનું નગ્ન શરીર હતું એવું મુનિલિંગ દિગંબરમુદ્રાના ધારકનું હોય છે. અંતરમાં ત્રણ કષાયનો અભાવ-વીતરાગતા અને બાહ્યમાં નગ્ન દિગંબરપણું એવું મુનિપણું હોય છે. જો તલના ફોતરાં જેટલો પણ પરિગ્રહ મુનિ રાખે, થોડો ઘણો પણ પરિગ્રહ રાખે તો તે મુનિ નિગોદને પ્રાપ્ત થાય છે. વસ્ત્ર-પાત્ર રાખીને સાધુપણું માને મનાવે તેણે આખા માર્ગને ફેરવી નાખ્યો છે. ત્રણ કષાયના અભાવવાળા મુનિને વસ્ત્ર-પાત્ર રાખવાના રાગનો અભાવ જ હોય, વસ્ત્ર-પાત્ર રાખવાનો રાગ તો તીવ્ર આસ્રવ છે, મુનિને એવો તીવ્ર-આસ્રવ હોય જ નહિ. મુનિની ભૂમિકા પ્રમાણે વસ્ત્ર-પાત્રનો રાગ તીવ્ર-આસ્રવ છે, એવો રાગ મુનિને હોય જ નહિ. તેથી એ આસ્રવ હોય છતાં મુનિપણું માને-મનાવે છે તે કદાચિત્ વર્તમાન બ્રહ્મચર્ય આદિના શુભભાવથી સ્વર્ગમાં એકાદ ભવ કરે પણ ત્યાંથી મરીને ક્રમે કરીને બટાટા-શકરકંદાદિ નિગોદમાં ઉપજવાના.—આવી વસ્તુસ્થિતિ છે. સર્વજ્ઞદેવ પરમેશ્વર મહાવીર પરમાત્મા આદિ અનંત તીર્થંકરોએ સિદ્ધાંતમાં-શાસ્ત્રમાં નગ્નપણે મુનિપણું વર્ણવ્યું છે. અને જે કલ્પિતશાસ્ત્રોમાં વસ્ત્ર-પાત્રાદિ સહિત મુનિપણું મનાવ્યું છે તે મિથ્યાદૃષ્ટિના બનાવેલાં છે. બાપુ! મારગ તો આ છે!

તેથી વસ્ત્ર-પાત્ર સહિત મુનિપણું માનનારા, મનાવનારા અને તેને રૂડું જાણનારા ક્રમે કરીને એકેન્દ્રિયમાં જશે. માને ન માને જગત સ્વતંત્ર છે. કુંદકુંદાચાર્ય મહારાજ કે જેને ત્રણ કષાયના અભાવની વીતરાગ દશા પ્રગટ થઈ છે એ કહે છે કે જે કોઈ દિગંબરમુનિ સિવાય મુનિપણું નામ ધરાવીને થોડો ઘણો વસ્ત્રાદિ પરિગ્રહ રાખે ને મુનિપણું માને-મનાવે તે નિગોદની ગતિ પામશે.

વસ્ત્ર-પાત્ર રાખે ને મૂર્ચ્છા નથી એમ ન હોય. વસ્ત્ર-પાત્ર રાખવાનો ભાવ છે એ

જ મૂર્છા છે ને મૂર્છા-પરિગ્રહ હોય તેને ત્રણ કષાયનો અભાવ હોય શકે નહિ. ખરેખર તો ઊંચપદ ધારી ન શકે-દિગંબર દશા ધારણ કરી ન શકે તો નીચપદ ધારીને-ગૃહસ્થદશા ધારીને પણ ધર્મ થઈ શકે છે. ગૃહસ્થાશ્રમમાં રાજપાટ પણ હોય પણ સમ્યગ્દર્શન જ્ઞાન હોય તો ધર્મ કરી શકે છે. પરંતુ ઊંચપદનું નામ ધરાવી નીચપદ-ગૃહસ્થના સાધન રાખે તો એ વાતનો અહીં નિષેધ છે. આજે માને, કાલે માને કે પછી માને....આ જ માન્યે છૂટકો છે. તેથી જેણે શ્રદ્ધા સુધારવી હોય તેણે વસ્ત્ર રાખીને જે મુનિપણું માનતા હોય તેને મુનિ માનવા લાયક નથી.

અનંત તીર્થંકરોના માર્ગનો વિરોધ કર્યો, અનંત કેવળીઓના કહેલા માર્ગનો નકાર કર્યો, અનંત મુનિઓએ પાળેલા નગ્ન દિગંબર મુનિપણાનો અનાદર કર્યો એટલે કે અનંત ગુણોની અશાતના કરી છે તેથી તલતુષમાત્ર પરિગ્રહ ધારીને મુનિપણું માને-મનાવે તે ક્રમે કરીને નિગોદમાં જવાના તેમ કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે; કાંઈ ચીભડાના ચોરને ફાંસીની સજા છે—એમ નથી.

ત્યારે શિષ્યે સમજવા માટે પ્રશ્ન કર્યો કે દિગંબર સંતો શાસ્ત્ર રાખે, કમંડળ, પીંછી રાખે છે ને! તેને કહે છે કે ઊંધી શ્રદ્ધા સહિત રાગ ભાવને પોતાના વિષય-કષાય પોષવા રાખે તે કારણે પરિગ્રહનો નિષેધ કર્યો છે, પરંતુ સંયમના નિમિત્તનો-સંયમના નિર્વાહ માટે નિષેધ નથી.

શરીર તો આયુષ્ય હોય ત્યાં સુધી છૂટતું જાય નહિ પણ તેની મમતા છૂટે તેથી શરીરની મમતાનો નિષેધ કર્યો છે. વળી આહાર વિના શરીરનું સામર્થ્ય રહે નહિ તો સંયમ સાધી શકે નહિ. તેથી દિગંબર સાચા સંત પોતાને માટે બનાવેલો ન હોય એવો નિર્દોષ આહાર વિધિ પૂર્વક લે છે. અંતરના ભાવલિંગ સહિતના દ્રવ્યલિંગની વાત છે. એકલા નગ્ન દિગંબર હોય અને અંદરમાં દૃષ્ટિ મિથ્યા છે, રાગની ક્રિયાને ધર્મ માને તેને પણ અહીં મુનિ ગણ્યા નથી.

આહાર વિના શરીરનું સામર્થ્ય ન રહે તેથી સંયમના હેતુએ આહારની વૃત્તિ થાય પણ તે પણ શરીરની મમતાથી આહાર ન હોય. વળી કમંડળ રાખે છે તે તો મળમૂત્રની શુચિ માટે છે. કમંડળ તો શૌચનું ઉપકરણ છે, તે જો ન રાખે તો મળમૂત્રની અશુચિ પૂર્વક જિનબિંબની વંદના-ભક્તિ કરી શકે નહિ, શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં. તેથી શૌચ માટે કમંડળમાં પાણી રાખે છે, પીવા માટે રાખતા નથી. તેથી જે પાણીના માટલા રાખે, સવાર-બપોર-સાજ ઠંડા પાણી પીવે તે વીતરાગ મુનિનો માર્ગ નથી; મોક્ષમાર્ગ પ્રકાશમાં તો તે બધાયને અન્યમતમાં નાખ્યા છે.

વળી પીંછી દયાનું ઉપકરણ છે, તે પીંછી પણ મોરના પીછાની હોય. દયાના ઉપકરણ તરીકે મુનિને મોરપીંછી જ હોય, અન્ય ન હોય. વળી ઉપકરણની મમતા ન

હોય, તીવ્ર રાગભાવ પણ ન હોય, અલ્પ રાગભાવ હોય. તેમ જ મુનિને દિગંબર દશાને અનુરૂપ પઠન, પાઠન, આહાર, વિહાર અને દયા તથા શૌચનું ઉપકરણ છે પણ તેના ઉપર જ્યાં સુધી લક્ષ રહેશે ત્યાં સુધી કેવળજ્ઞાન નહીં પામે.—આ છઠ્ઠા ગુણસ્થાનની —મુનિની ક્રિયાની વાત છે, શરીરને નિભાવવા માટે બીજો કોઈ ઉપાય નથી પણ એ પ્રમત્તભાવ છે. એના ઉપર લક્ષ રહેશે ત્યાં સુધી અપ્રમત્તભાવ નહીં થાય.

ત્યારે તર્ક કરે છે કે સંયમ સાધવા શરીરને માટે આહાર લઈએ તેમ ઠંડી લાગતી હોય તો વસ્ત્ર રાખીને સંયમ સાધીયે છીએ!—તો બેમાં ફેર શું? કહે છે કે તે બેમાં તો મોટો આંતરો છે. માટે તારું કહેવું વ્યાજબી નથી. ક્ષુધા તો આહારથી મટે એ યુક્ત છે. માટે આહાર લેવો એ પરિગ્રહ નથી. છતાં જ્યાં સુધી લેવાની વૃત્તિ ન છૂટે ત્યાં સુધી કેવળજ્ઞાન થશે નહિ.

—વસ્તુની સ્થિતિ આવી છે. કોઈની વાત નથી પણ મારગ આવો છે એ અહીં કહેવું છે. મુનિપણું ન પાળી શકાય તો શા માટે પરિગ્રહ રાખીને મુનિપણું મનાવવું? શ્રાવક ધર્મ પાળવો. સમકિત સહિત શ્રાવક ધર્મ પાળીને સ્વર્ગે જઈને ત્યાંથી મનુષ્ય થઈ મુનિપણું પાળીને મોક્ષે જશે. માટે વીતરાગના સૂત્રોની યથાર્થ શ્રદ્ધા રાખવી. —૦—

### * શ્રદ્ધાજ્ઞાનમાં સત્યના સંસ્કાર પાડ *

ક્રિયાકાંડની દૃષ્ટિવાળાને એમ લાગે કે સમયસાર સાંભળે છે પણ કોઈ આગળ વધતાં નથી. બાહ્ય ત્યાગ-તપ-વ્રત આદિ ક્રિયા કરે તો તેને આગળ વધ્યા દેખાય. પણ ભાઈ! સમયસાર સાંભળીને પરદ્રવ્યની ભિન્નતા, પરદ્રવ્યનું અકર્તાપણું, રાગાદિ ભાવોમાં હેયબુદ્ધિ ને અંદર પડેલી પરમાત્મશક્તિનું ઉપાદેયપણું નિરંતર એના શ્રદ્ધા-જ્ઞાનમાં ઘૂંટાય છે. એ એના શ્રદ્ધા-જ્ઞાનમાં સુધારો થાય છે તે આગળ વધ્યા નથી? અંદર શ્રદ્ધાજ્ઞાનમાં સત્યના સંસ્કાર પડે છે તે આગળ વધે છે. શ્રદ્ધા-જ્ઞાનને સાચા કર્યા વિનાના ત્યાગ-તપ-વ્રત આદિ કરે છે તેને આત્માનુશાસનકાર તો કહે છે કે આત્મભાન વિનાનો બાહ્ય ત્યાગ આદિ છે તે અજ્ઞાનીને અંતરંગ બળતરા છે. અંતરંગ મિથ્યાત્વના ત્યાગ વિનાના બાહ્ય ત્યાગને સાચો ત્યાગ કહેતા નથી. અંદરમાં શ્રદ્ધા-જ્ઞાન-સ્વરૂપાચરણ ચારિત્રમાં જે સુધારો થાય છે તે જ સાચો સુધારો છે પણ બાહ્ય દૃષ્ટિના આગ્રહવાળાને તે દેખાતા નથી.

—પૂજ્ય ગુરુદેવ

[ અભિનંદન-પત્ર પાનુ ૨ થી ચાલુ ]

પવિત્ર સત્સમાગમમાં જીવનના અર્ધશતાબ્દિ જેટલા સુદીર્ઘ સમય સુધી રહીને જેઓ નિજ શુદ્ધાત્મતત્ત્વના અભ્યાસનો ઉદ્યમ કરી રહ્યા છે, જેમનું નૈતિક મૂલ્યોથી સમૃદ્ધ જીવન અન્ય જિજ્ઞાસુઓને નીતિમત્તાનો આદર્શ પૂરો પાડે છે, પૂજ્ય ગુરુદેવ પ્રત્યે જેમને અતુલ અને અપાર ભક્તિભાવ છે, જીવનની સર્વ નિષ્ઠા જેમણે પૂજ્ય ગુરુદેવનાં પુનિત ચરણોમાં ધરી દીધી છે, પોતાની સૂક્ષ્મ મેધાથી જેમને કલ્યાણમાર્ગમાં પ્રયોજનભૂત તત્ત્વોનો સુંદર અભ્યાસ વર્તે છે એવા ધ્યેયનિષ્ઠ શુદ્ધાત્મરુચિવંત આદરણીય મુરબ્બી **શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીને,** તેઓશ્રીના ૧૦૦ મા વર્ષમાં પ્રવેશના આ જન્મ-શતાબ્દિ ઉત્સવના શુભ પ્રસંગે અમે સૌ—ભારતવર્ષીય સમસ્ત દિગંબર જૈન મુમુક્ષુ-સમાજ—તેમના આત્મપ્રાપ્તિના ધ્યેયને વરેલા આદર્શ જીવન પ્રત્યે અહોભાવથી ઊછળતી ઊર્મિઓ વડે તેમનું અત્યંત બહુમાન સહ આદરપૂર્ણ સન્માન કરીએ છીએ, અભિનંદન કરીએ છીએ.

## આદર્શ સફળ કાયદાશાસ્ત્રી !

આપે નાની ઉંમરમાં વકીલાતનો વ્યવસાય સફળપણે ચાલુ કર્યો. વકીલાતમાં આપની પ્રમાણિકતા પ્રસિદ્ધ હતી. ખોટા કેસ હાથમાં લેતા નહિ. આપની સજ્જડ સાચી દલીલો પાસે ન્યાયાધીશો પણ ઝૂકી જતા. એક વકીલ પૂજ્ય ગુરુદેવને કહેતા હતા કે—'આપના રામજીભાઈ એવા કુશળ વકીલ છે કે ન્યાયાધીશને પણ ધોળા દિવસે તારા બતાવે છે!' પ્રતિવાદીનો વકીલ મોટો બૅરિસ્ટર હોય અને તેને ખબર પડે કે સામા પક્ષના વકીલ રામજીભાઈ છે તો તેને પણ વિચાર થઈ પડતો. વિગતના ઊંડાણમાં ઊતરીને તેનો પૂરો અભ્યાસ કર્યા પછી જ કેસ લડવાની આપની પદ્ધતિ હતી; જેથી લગભગ બધા કેસોમાં આપના અસીલોનો વિજય જ થતો. એ રીતે એક બાહોશ ઍડ્વોકેટ તરીકે આપની ખ્યાતિ સૌરાષ્ટ્ર તેમ જ અન્ય પ્રાન્તમાં સારી પ્રસરી ગઈ હતી. સૌરાષ્ટ્રના 'બાર-એસોસિયેશન'ના આપ માનદ પ્રમુખ હતા. કાયદાની સલાહની જેમ રાજકીય આંદોલનમાં પણ આપની સલાહ-સૂચના બહુમૂલ્ય ગણાતી. મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ જેવા અગ્રિમ રાષ્ટ્રીય નેતાઓને પણ આપની બુદ્ધિપ્રતિભા પ્રત્યે માન હતું. સં. ૧૯૯૫ માં રાજકોટમાં થયેલા રાજકીય આંદોલન વખતે વાઈસરોય પર લખેલો મહત્ત્વનો પત્ર ગાંધીજીએ આપને વંચાવી જોવા માટે શ્રી વલ્લભભાઈ પટેલને આદેશ કર્યો હતો. વકીલાત વગેરેની બાહ્ય પ્રવૃત્તિઓ હોવા છતાં તે વખતે પણ આપનું હૃદય ધર્માભિરુચિથી ભિંજાયેલું રહેતું. અનેક જિજ્ઞાસુઓ સાથે રોજ નિયમિત શાસ્ત્રવાંચન કરતા હતા. રાજકીય આંદોલનના નેતાઓને સલાહ આપવાને કારણે બે વાર જેલમાં જવું પડયું ત્યારે ત્યાં પણ, સાથી-મિત્રોને સમયસાર સંભળાવતા; જેલમાં આપે શ્રી

જયચંદ્રજીકૃત સમયસાર-ભાષાનુવાદનો ગુજરાતી તરજુમો કર્યો હતો. સૌરાષ્ટ્ર-રાજ્યની નવરચના વખતે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી ઢેબરભાઈએ આપને સૌરાષ્ટ્ર-રાજ્યના સર્વોપરી ન્યાયાધીશની પદવી સ્વીકારવા અનુરોધ કર્યો હતો, જેનો આપે અસ્વીકાર કરી, સોનગઢ આવીને તરત જ પૂજ્ય ગુરુદેવ પાસે, રાજકારણમાં રસ લેવાની કે સલાહ દેવાની બાધા લઈ લીધી હતી, અને વકીલાત છોડી નિવૃત્તિ લઈને સત્સંગાર્થે પૂજ્ય ગુરુદેવના મંગળ સાંનિધ્યમાં સતત રહેવાનો નિર્ણય જાહેર કર્યો હતો. અહા! ઉચ્ચ નૈતિક જીવન, બ્રહ્મચર્યના રંગથી દીપતી સજ્જનતા, તત્ત્વાભ્યાસની લગની વગેરે અનેક ગુણોથી વિભૂષિત આપનું સરળ ને સાદું વ્યક્તિત્વ અત્યંત પ્રશંસનીય છે, અનુમોદનીય છે.

## અધ્યાત્મવિદ્યાવ્યાસંગી કર્મઠ નેતા!

આપે પરમ કલ્યાણકારી પૂજ્ય ગુરુદેવના પવિત્ર સમાગમમાં રહીને ભવતાપશામિની અમૃતવાણીનો અનુપમ લાભ લીધો છે; પૂજ્ય ગુરુદેવ પાસેથી તથા પોતે કરેલા શાસ્ત્રાભ્યાસથી પ્રાપ્ત થયેલું દ્રવ્યદૃષ્ટિપ્રધાન અનેકાંતસુસંગત અધ્યાત્મતત્ત્વવિજ્ઞાન બરાબર વાગોળ્યું છે અને વર્ષો સુધી સમૂહમાં વાંચન તેમ જ ધાર્મિક વર્ગોમાં શિક્ષણ દ્વારા હજારો જિજ્ઞાસુઓને સમજાવ્યું છે; 'મોક્ષશાસ્ત્ર' તથા 'ધર્મની ક્રિયા' જેવાં મોક્ષમાર્ગમાં ઉપયોગી પુસ્તકોનું સુંદર સંકલન રચીને મુમુક્ષુસમાજ ઉપર વિશિષ્ટ ઉપકાર કર્યો છે; પૂજ્ય ગુરુદેવના અધ્યાત્મોપદેશનો પ્રચાર–પ્રસાર કરવાના હેતુએ 'શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ'ની સ્થાપના કરીને, તેના પ્રમુખપદે રહીને, તેનું સુંદર સંચાલન કર્યું છે; પૂજ્ય ગુરુદેવના તત્ત્વોપદેશને પ્રસારિત કરતા માસિક મુખપત્ર ગુજરાતી તથા હિન્દી 'આત્મધર્મ'નું સુદીર્ઘ કાળ પર્યંત સફળ સંપાદન, સમયસાર આદિ પરમાગમોના ગુજરાતી અનુવાદોનું પરીક્ષણ, ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત થનાર બધાં પુસ્તકોનું ચોકસાઈપૂર્વક તપાસી જવું, સંસ્થાનાં તેમ જ મંડળનાં અનેકવિધ નાનાં-મોટાં કાર્યોમાં સમુચિત માર્ગદર્શન આપવું વગેરે અનેક અનેક પ્રકારે મહામૂલી સેવાઓ આપીને આપે પૂજ્ય ગુરુદેવ દ્વારા થયેલી ધર્મપ્રભાવનામાં વિશિષ્ટ પ્રકારે સર્વતોમુખી અમૂલ્ય સાથ આપ્યો છે; પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવશ્રીના પરમ ભક્ત પ્રશમમૂર્તિ **પૂજ્ય બહેનશ્રી ચંપાબેન** પ્રત્યે પણ આપના હૃદયમાં શ્રદ્ધા-ભક્તિ પરિણમી રહ્યાં છે; તથા પૂજ્ય ગુરુદેવ સાથેની મંગળ યાત્રાઓમાં વિદ્વાનો સાથે ચર્ચાઓ પ્રસંગે આપ એવી કુશળતાથી તેમને માત કરતા કે જેથી ઈંદોરનિવાસી પં૦ બંસીધરજી ન્યાયાચાર્યે, તેઓ સોનગઢ આવ્યા ત્યારે, આપને 'પંડિતપછાડ' વિશેષણથી બિરદાવ્યા હતા. અહા! શી આપની ગુરુદેવ પ્રત્યે અગાધ ભક્તિ! શી આપની ગુરુદેવ પ્રત્યે હૃદયની સર્વાધિક અર્પણતા! તાત્ત્વિક વિદ્વત્તા, બુદ્ધિની પ્રૌઢતા વગેરે ગુણોથી વિભૂષિત હોવા છતાં, પૂજ્ય ગુરુદેવ રાત કહે તો રાત, ને દિવસ કહે તો દિવસ; ગુરુદેવના વચન સામે ન કદી વિકલ્પ કે ન કદી વિતર્ક. અહા! કેવી અસાધારણ અર્પણતા? આપના આ સર્વ ગુણોથી પ્રભાવિત થઈને,

બાપુજી! અમે સૌ આપના ૧૦૭ મા વર્ષમાં પ્રવેશના આ 'જન્મશતાબ્દિ-મહોત્સવ' પ્રસંગે આપશ્રીને પુનઃ પુનઃ અતિ આદરપૂર્વક અભિનંદીએ છીએ.

અંતમાં—

આપ નિરામયતાપૂર્વક, શરીરસુખાકરીયુક્તપણે ધર્મકાર્યરત પ્રવર્તતા થકા અમારી વચ્ચે સુદીર્ઘ કાળ પર્યંત રહો અને મુમુક્ષુજગતને આવશ્યક માર્ગદર્શન તથા સાધનાની પ્રેરણા આપ્યા કરો—એ જ અંતરની ભાવના અને પ્રાર્થના.

—વિનયાવનત

સં. ૨૦૩૮, શ્રાવણ વદ ૧
**સોનગઢ** (સૌરાષ્ટ્ર)
તા. ૫–૮–૮૨

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ**
તથા
**અખિલ ભારતીય સમસ્ત દિગંબર જૈન મુમુક્ષુમંડળ**

## * હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું *

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયકપ્રભુ છું.—એમ જ્ઞાયકના લક્ષે જીવ સભળે છે, તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે છે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહતભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો.

—પૂજ્ય ગુરુદેવ

# આરાધનાની દેવી : પૂજ્ય બહેનશ્રી

[ પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૯ મી મંગલ જન્મ-જયંતી પ્રસંગે બ્ર૦ ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા દ્વારા સમર્પિત ભક્તિભાવભીનાં શ્રદ્ધાસુમન. ]

**અનુભવ અનુભવ સબ કહે, જાને ન અનુભવ-મર્મ;**
**બલિહારી વહ સંતકી, જો પાયો અનુભવ-શર્મ.**

જેમણે અનુભવ-શર્મ એટલે કે સ્વાનુભવજનિત અતીન્દ્રિય સુખાંશ પ્રાપ્ત કરી લીધો હતો અને તે અનુભવનો જે ઉપાય—નિજ શુદ્ધાત્મદ્રવ્યની સાચી ઓળખાણ—તે જેમણે બતાવ્યો, એવા તે પરમકૃપાળુ પરમપૂજ્ય ગુરુદેવશ્રીનો આપણા સૌ ઉપર અનંત અનંત ઉપકાર છે. અનુભવનો માર્ગ ખૂલ્યો એ બધો ગુરુદેવનો જ મહિમા છે. આ યુગમાં અનુભવનો માર્ગ ગુરુદેવ સિવાય કોણે ખોલ્યો છે? બધો ઉપકાર પૂજ્ય ગુરુદેવનો છે. ગુરુદેવે આત્મા બતાવ્યો. 'આત્મા' શબ્દ બોલતાં શીખ્યા હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું,' 'જ્ઞાયક છું'–ઇત્યાદિ ઇત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે.

ગુરુદેવે અનુભૂતિ, અનુભૂતિનો માર્ગ અને અનુભૂતિનો મહિમા બતાવ્યો છે એટલું જ નહિ, પણ તેના ઉદાહરણરૂપે અનુભૂતિપરિણત પ્રત્યક્ષ વિદ્યમાન મહાન આત્માનો પરિચય પણ આપ્યો છે દ્રવ્યાનુયોગનાં ઉદાહરણ પ્રથમાનુયોગ છે. આચાર્યભગવાને પ્રથમાનુયોગમાં તીર્થંકરો, અન્ય મહાપુરુષો તેમ જ સતીઓનાં ચરિત્ર કહ્યાં છે તે બધાં આરાધનાનાં ઉદાહરણ છે; તેમ ગુરુદેવે અનુભૂતિનો માર્ગ પ્રવર્તાવ્યો, અનુભૂતિનું તીર્થ પ્રવર્તાવ્યું, તો તેના માટે કોઈ ઉદાહરણ – પ્રથમાનુયોગ જોઈએ; તો અનુભૂતિનો પ્રથમાનુયોગ છે પ્રત્યક્ષ ઉપસ્થિત આપણા ભગવતી માતા—પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેન; જેમની ૬૯ મી મંગલ જન્મજયંતી આજે આપણે સૌ હર્ષોલ્લાસપૂર્વક ઊજવી રહ્યા છીએ.

ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીનો મહિમા બતાવતાં પૂજ્ય ગુરુદેવે તેમની સ્વાનુભૂતિની, અંતરંગ પવિત્ર દશાની તેમ જ નિર્મળ ગુણોની અતિ પ્રસન્નતાપૂર્વક પ્રશંસા કરી છે, તેમના નામની, શરીરની કે બહારની બીજી કોઈ ચીજની નહિ. આચાર્યભગવાને પુરાણોમાં, પવિત્રતાની ભૂમિમાં બંધાયેલાં પુણ્યની તથા તેનાં ફળસ્વરૂપ શરીર અને બાહ્ય વૈભવની પણ પ્રશંસા ગાઈ છે; પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રીએ બહેનશ્રીના શરીરની કે પુણ્યની નહિ,

પણ તેમની અંતરની પવિત્રતા તથા તે પવિત્રતામાંથી નીકળેલી તેમની 'વચનામૃત'-વાણીની મહિમા ગાઈ છે.

અહો! બહેનશ્રીનું એ અસાધારણ પવિત્ર વ્યક્તિત્વ! તેમના અગાધ ઊંડા વ્યક્તિત્વ વિષે હું પામર પ્રાણી વિશેષ શું કહી શકું? આપણે બધાએ હમણાં જ પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખથી (ટેઈપ દ્વારા) બધું સાંભળ્યું છે. તેમની નિર્મળ શુદ્ધાત્મ-દૃષ્ટિ, પવિત્ર સ્વાનુભૂતિ અને અનેક ભવો સંબંધી સ્પષ્ટ જાતિસ્મરણજ્ઞાન વિષે કહેવાની ઘણી વાતો તો પૂજ્ય ગુરુદેવ સ્વયં (ટેઈપમાં) પ્રકાશી ચૂકયા છે, તો તે વિષયમાં હું તો વિશેષ શું કહું?

પૂજ્ય બહેનશ્રીની સાધના, આરાધના કોઈ અદ્‌ભુત, અપૂર્વ અને અલૌકિક છે. નાની ઉમરથી જ—જાણે કે આરાધના સાધતાં સાધતાં કોઈ પરિણામવિશેષરૂપ ભૂલના કારણે ભૂલાં પડી અહીં ભરતમાં આવી ગયાં હોય! પરંતુ આવ્યા પૂર્વના સંસ્કાર સાથે લઈને—ઊગતી ઉંમરથી જ તેમની જે વિચારશક્તિ, ચિંતનશક્તિ, તત્ત્વનો કસ કળી લેવાની શક્તિ તે કોઈ અસાધારણ અને અદ્‌ભુત હતી. તેમનો જન્મ સ્થાનકવાસી સંપ્રદાયમાં હતો, તેમને નાની ઉમરમાં પણ સંપ્રદાયના ક્રિયાકાંડમાં કે ધાર્મિક થોકડા-ઓની ગોખણપટ્ટીમાં રસ નહોતો, પરંતુ દરેક પ્રવૃત્તિમાં પોતાના પરિણામ તપાસવાની તથા અંતર આત્મશોધની અભિમુખતા રહેતી હતી. તેઓ વાંચન કરતાં—વૈરાગ્યપ્રેરક ને તત્ત્વબોધક પુસ્તકોનું. શ્રી હિંમતભાઈ પંડિતજી—જે પૂજ્ય બહેનશ્રીના ભાઈ છે—સાથે તાત્ત્વિક વિચારોની આપ-લે ખૂબ થતી. તે બન્ને ભાઈબહેન તત્ત્વના સૂક્ષ્મ વિચારોનું આદાન-પ્રદાન કરતાં હતાં. પૂજ્ય બહેનશ્રી તથા શ્રી હિંમતભાઈ—બંનેય બુદ્ધિપ્રતિભાના ધણી હતા. બુદ્ધિકસોટી ઉપર કસ્યા વિના માની લેવું તે તેમની ગળથૂથીમાં નહોતું. શ્રી હિંમતભાઈ પંડિતજી તર્ક કરતા કે, આપણે જૈનકુળમાં જન્મ્યા છીએ માટે જૈનધર્મ સાચો છે, જૈનશાસ્ત્ર સાચાં છે—એમ કેમ માની લેવાય? બધા કહે છે કે અમારો ધર્મ સાચો છે, અમારાં શાસ્ત્ર સાચાં છે. માટે જૈનધર્મ ને જૈનશાસ્ત્ર સાચાં છે તે, એમ ને એમ માની લેવું ન જોઈએ; પણ પોતાની બુદ્ધિકસોટી પર પરીક્ષા કરીને તેમાં જે સાચું સાબિત થાય તેને જ સત્યરૂપે સ્વીકારવું જોઈએ. બહેનશ્રી પંડિતજીને તેમના તર્કનો જવાબ આપતાં, પરંતુ પંડિતજીની તર્કશૃંખલા લાંબી ચાલતી. પંડિતજીના તર્કોથી થાકીને પૂજ્ય બહેનશ્રી કહી દેતાં: 'તમને બેસે કે ન બેસે, પણ મને તો અંદરથી બેસે છે કે જૈનધર્મ જ સાચો છે, જૈનસિદ્ધાન્ત જ સત્ય છે.'

બહેનશ્રીએ પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મરસઝરતી વાણી સાંભળી હતી. ગુરુદેવની પુરુષાર્થપ્રેરક વાણીએ પૂજ્ય બહેનશ્રીના આત્માને ઝળકાવી દીધો હતો. તેમણે દૃઢ નિર્ણય કરી લીધો હતો કે—'મારે આ ભવમાં જ સમ્યક્ત્વ પ્રાપ્ત કરી લેવું છે,

કલ્યાણ પ્રાપ્ત કરવું છે, ભવનો છેદ કરવો છે; ભવનો છેદ કર્યે જ છૂટકો, સમ્યગ્દર્શન અર્થાત્ આત્માનુભૂતિ લઈને જ રહીશ.' પંડિતજી સુરતમાં શિક્ષકની સર્વિસ કરતા હતા. વેકેશનમાં તેઓ વાંકાનેર આવતા, જ્યાં મોટાભાઈ શ્રી વજુભાઈના ઘરે બહેનશ્રી રહેતાં હતાં અને સમકિત પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરતાં હતાં. ત્યારે પંડિતજી હસતાં હસતાં પૂછતા: 'ચંપા! અનુભૂતિ એટલે કે સમકિત કેટલું દૂર છે?' હાથની ચેષ્ટાથી બહેનશ્રી કહેતાં: 'એક હાથ જેટલું દૂર છે.' બીજા વેકેશનમાં આવે ત્યારે પંડિતજી ફરી પૂછેઃ 'સમકિત હવે કેટલું દૂર છે?' ઉત્તર મળતો—'એક વેંત જેટલું.' ત્રીજા વેકેશનમાં આવ્યા ત્યારે પૂછયું: 'હવે કેટલું દૂર છે?' જવાબ મળ્યો: 'ચાર આંગળ.' પંડિતજી મનમાં આશ્ચર્ય અનુભવતા કે—સમકિત એમ શું રેઢું પડયું છે! પણ થોડા વખત પછી પંડિતજીને સુરતમાં બહેનશ્રીનું પોસ્ટકાર્ડ મળ્યું. તેમાં લખેલું: મેં તો જાણ્યું છે કે જૈનદર્શન તે જ સત્યદર્શન છે; તમે પુરુષાર્થ કરશો તો તમને પણ એમ જ જણાશે. પરીક્ષાપ્રધાની પંડિતજી સમજી ગયા કે, બહેનશ્રીની પરિણતિમાં કોઈ સાતિશયતા આવી છે. વળતા પત્રમાં પંડિતજીએ પૂછયું: શું તને સમ્યગ્દર્શન પ્રગટ થઈ ગયું છે? કેમ કે અનુભૂતિપરિણત આત્મા જ, સમકિત પામેલો જીવ જ 'જૈનદર્શન જ સત્ય છે' એમ યથાર્થપણે કહી શકે. તેના જવાબમાં બહેનશ્રીએ 'સમકિત થયું છે' એમ સીધું તો ન લખ્યું, પણ સાંકેતિક ભાષામાં જણાવ્યું કે—'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે.' આશ્ચર્યકારી આ અર્ધી લીટી વાંચતાં જ પંડિતજીનું હૃદય હર્ષાનંદથી ગદ્ગદ થઈ ગયું. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે—'સત્ સત્ જ છે, સરળ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે, પણ તે બતાવનાર સત્ જોઈએ.' પંડિતજીનું હૃદય ગદ્ગદ થઈ ગયું કે—અહા! સત્પુરુષને શોધવા માટે મારે દુનિયામાં કયાંય જવું ન પડ્યું; સત્પુરુષ મારા આંગણે પધાર્યા; સત્પુરુષ મારા ઘરમાં, મારા કુળમાં પાકયા!!

સમ્યગ્દર્શન તેમ જ સ્વાનુભૂતિની નિર્મળ પરિણતિ પૂજ્ય બહેનશ્રીએ વિ.સં. ૧૯૮૯, ફાગણ વદ દશમના દિવસે માત્ર ૧૮ વર્ષની લઘુવયમાં પ્રાપ્ત કરી. પછી વધતી જતી આત્મશુદ્ધિની સાથે વિ.સં. ૧૯૯૩ના ચૈત્ર વદ આઠમના દિવસે નિર્મળ જાતિસ્મરણજ્ઞાન પણ પ્રગટ થયું. તે વિષે—પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિવિભૂષિત પવિત્રતા તથા ભવાન્તર સંબંધી સ્પષ્ટ જ્ઞાન વિષે—પૂજ્ય ગુરુદેવે સ્વયં વિસ્તારથી ફરમાવ્યું છે તે આપણે હમણાં જ (ટેઇપ દ્વારા) સાંભળ્યું છે, તેથી હું તે વિષયનું પુનરાવર્તન કરતો નથી.

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર અલૌકિક અંતરંગદશાની યથાર્થ ઓળખાણ કરાવીને પરમકૃપાળુ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ મુમુક્ષુસમાજ ઉપર ખરેખર મહાન

કલ્યાણ પ્રાપ્ત કરવું છે, ભવનો છેદ કરવો છે; ભવનો છેદ કર્યે જ છૂટકો, સમ્યગ્દર્શન અર્થાત્ આત્માનુભૂતિ લઈને જ રહીશ.' પંડિતજી સુરતમાં શિક્ષકની સર્વિસ કરતા હતા. વેકેશનમાં તેઓ વાંકાનેર આવતા, જ્યાં મોટાભાઈ શ્રી વજુભાઈના ઘરે બહેનશ્રી રહેતાં હતાં અને સમકિત પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરતાં હતાં. ત્યારે પંડિતજી હસતાં હસતાં પૂછતા: 'ચંપા! અનુભૂતિ એટલે કે સમકિત કેટલું દૂર છે?' હાથની ચેષ્ટાથી બહેનશ્રી કહેતાં: 'એક હાથ જેટલું દૂર છે.' બીજા વેકેશનમાં આવે ત્યારે પંડિતજી ફરી પૂછે: 'સમકિત હવે કેટલું દૂર છે?' ઉત્તર મળતો—'એક વેંત જેટલું.' ત્રીજા વેકેશનમાં આવ્યા ત્યારે પૂછ્યું: 'હવે કેટલું દૂર છે?' જવાબ મળ્યો: 'ચાર આંગળ.' પંડિતજી મનમાં આશ્ચર્ય અનુભવતા કે—સમકિત એમ શું રેઢું પડ્યું છે! પણ થોડા વખત પછી પંડિતજીને સુરતમાં બહેનશ્રીનું પોસ્ટકાર્ડ મળ્યું. તેમાં લખેલું: મેં તો જાણ્યું છે કે જૈનદર્શન તે જ સત્યદર્શન છે; તમે પુરુષાર્થ કરશો તો તમને પણ એમ જ જણાશે. પરીક્ષાપ્રધાની પંડિતજી સમજી ગયા કે, બહેનશ્રીની પરિણતિમાં કોઈ સાતિશયતા આવી છે. વળતા પત્રમાં પંડિતજીએ પૂછ્યું: શું તને સમ્યગ્દર્શન પ્રગટ થઈ ગયું છે? કેમ કે અનુભૂતિપરિણત આત્મા જ, સમકિત પામેલો જીવ જ 'જૈનદર્શન જ સત્ય છે' એમ યથાર્થપણે કહી શકે. તેના જવાબમાં બહેનશ્રીએ 'સમકિત થયું છે' એમ સીધું તો ન લખ્યું, પણ સાંકેતિક ભાષામાં જણાવ્યું કે—'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે.' આશ્ચર્યકારી આ અર્ધી લીટી વાંચતાં જ પંડિતજીનું હૃદય હર્ષાનંદથી ગદ્ગદ થઈ ગયું. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે—'સત્ સત્ જ છે, સરળ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ હોય છે, પણ તે બતાવનાર સત્ જોઈએ.' પંડિતજીનું હૃદય ગદ્ગદ થઈ ગયું કે—અહા! સત્પુરુષને શોધવા માટે મારે દુનિયામાં ક્યાંય જવું ન પડ્યું; સત્પુરુષ મારા આંગણે પધાર્યા; સત્પુરુષ મારા ઘરમાં, મારા કુળમાં પાક્યા!!

સમ્યગ્દર્શન તેમ જ સ્વાનુભૂતિની નિર્મળ પરિણતિ પૂજ્ય બહેનશ્રીએ વિ.સં. ૧૯૮૯, ફાગણ વદ દશમના દિવસે માત્ર ૧૮ વર્ષની લઘુવયમાં પ્રાપ્ત કરી. પછી વધતી જતી આત્મશુદ્ધિની સાથે વિ.સં. ૧૯૯૩ના ચૈત્ર વદ આઠમના દિવસે નિર્મળ જાતિસ્મરણજ્ઞાન પણ પ્રગટ થયું. તે વિષે—પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભૂતિવિભૂષિત પવિત્રતા તથા ભવાન્તર સંબંધી સ્પષ્ટ જ્ઞાન વિષે—પૂજ્ય ગુરુદેવે સ્વયં વિસ્તારથી ફરમાવ્યું છે તે આપણે હમણાં જ (ટેઇપ દ્વારા) સાંભળ્યું છે, તેથી હું તે વિષયનું પુનરાવર્તન કરતો નથી.

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર અલૌકિક અંતરંગદશાની યથાર્થ ઓળખાણ કરાવીને પરમકૃપાળુ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીએ મુમુક્ષુસમાજ ઉપર ખરેખર મહાન

ઉપકાર કર્યો છે. આપણું સૌભાગ્ય છે કે કૃપાળુ ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી જેવા અનુભૂતિપરિણત મહાત્માઓના યુગમાં આપણા સૌનો જન્મ છે.

સ્વાનુભૂતિપરિણત પૂજ્ય બહેનશ્રીની પવિત્ર દશાનો તેમ જ તેમનાં વચનામૃતોનો મહિમા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખે હજારો શ્રોતાઓએ ગામેગામ પ્રવચનોમાં સાંભળ્યો છે. વિહારમાં ગામેગામ 'બહેનશ્રીનાં વચનામૃત' પર પ્રવચનો આપવાં તથા તે દ્વારા બહેનશ્રીની પવિત્રતાની સમાજને ઓળખાણ આપવી, તેમનો મહિમા જગપ્રસિદ્ધ કરવો એ ક્રમ થઈ ગયો હતો. પૂજ્ય ગુરુદેવ બહેનશ્રીની નિર્મળ દૃષ્ટિ, સ્વાનુભૂતિ તેમ જ પવિત્રતાની પ્રશંસા કરતાં થાકતા નહોતા, કંટાળતા નહોતા; નવા નવા શ્રોતાઓ પાસે તે વાતનું પુનરાવર્તન કર્યા જ કરતા હતા. પૂજ્ય ગુરુદેવ કહેતા : "બહેનોનાં મહાન ભાગ્ય છે કે ચંપાબેન જેવાં 'ધર્મરત્ન' આ કાળે પાકયાં છે. બેન તો હિન્દુસ્તાનનું અણમોલ રતન છે. અતીન્દ્રિય આનંદનો નાથ એને અંદરથી જાગ્યો છે. એમની અંદરની સ્થિતિ કોઈ જુદી જ છે. તેમની સુદૃઢ નિર્મળ આત્મદૃષ્ટિ તથા નિર્વિકલ્પ સ્વાનુભૂતિનો જોટો આ કાળે મળવો મુશ્કેલ છે....." બહેનશ્રીના જાતિસ્મરણની વાતો પણ ગુરુદેવ ઘણી કરતા હતા.

પૂજ્ય ગુરુદેવ પ્રસન્નતાપૂર્વક અહોભાવથી કહેતા હતા કે—બેનને હું શું કહું ? બેનને દીકરી કહું, બેનશ્રી કહું, ધર્મમાતા કહું કે સાધર્મી કહું, જે કંઈ કહું—બધું છે. બેન (બહેનશ્રી ચંપાબેન) તો આરાધનાની દેવી છે. પવિત્રતામાં આખા ભારતમાં અજોડ છે. એમની છત્રછાયા આખા સોનગઢમાં છે. આપણાં દુર્ભાગ્ય છે કે સોનગઢ તીર્થધામનું પ્રમુખ શિરછત્ર—પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવ—વિધાતાએ આપણી પાસેથી છીનવી લીધું. પરંતુ તેમના પરમ ભક્ત સ્વાનુભૂતિપરિણત પૂજ્ય ભગવતી માતા હજુ અહીં પ્રત્યક્ષ બિરાજે છે; તેથી સોનગઢ પર હજુ પણ શિરછત્ર બિરાજમાન છે. બહેનશ્રીનું છત્ર એટલે અનુભૂતિનું છત્ર. સોનગઢ અનુભૂતિના છત્રથી સદાય ઊજળું છે, અધ્યાત્મ-બોધથી સદાય ગાજતું છે; તે કદી ફિક્કું પડયું નથી, કયારેય ફિક્કું પડવાનું નથી; કેમ કે અહીં સોનગઢમાં અનુભૂતિપરિણત મહાન આત્મા બિરાજમાન છે. ખરેખર તો અનુભૂતિ જ તીર્થ છે, અનુભૂતિ જ માર્ગ છે, અનુભૂતિ જ સર્વસ્વ છે.

પૂજ્ય ગુરુદેવ કહેતા : ઓહો ! બેન તો ભગવતીસ્વરૂપ છે. તારે બીજે કયાં ગોતવા જવું છે ? એમનાં દર્શન કર ને ! એક વાર ભાવથી જે એમનાં દર્શન કરશે—એમનાં દર્શન કોણ કરે ? જેનું હૃદય આત્માર્થિતાથી, ચૈતન્યની પરિણતિથી, ભિંજાયેલું હોય, તે જ અનુભૂતિનાં ભાવથી દર્શન કરે, અને એવા ભાવથી જે દર્શન કરશે—એનાં અનંત કર્મબંધન ઢીલાં થઈ જશે. પૂજ્ય ગુરુદેવ બ્રહ્મચારી બહેનોને ઉદ્દેશીને—વાત તો બધાય આત્માર્થીઓને લાગુ પડે છે—કહેતા કે બહેનશ્રીનાં ચરણોમાં જે વિંટાઈને રહેશે એને ભલે સમ્યગ્દર્શન ન થાય, સાક્ષાત્ અનુભૂતિ ન થાય, તત્ત્વનો લાંબોચોડો અભ્યાસ ન

હોય, પરંતુ જો તેણે અનુભૂતિપરિણત સત્પુરુષ પ્રત્યે અંતરથી ભિંજાયેલી ભક્તિયુક્ત પરિણતિ બનાવી છે તો એનો બેડો પાર છે. એની નૌકા જ્ઞાનીનાં ચરણમાં નિઃશંકપણે સુરક્ષિત છે.

પૂજ્ય બહેનશ્રી સ્વાનુભૂતિની મૂર્તિ તો છે જ, પણ તે સાથે તેમનો દેવ-ગુરુ પ્રત્યેનો ભક્તિભાવ પણ અલૌકિક છે. અહા! પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ભક્તિરસભર્યા તેમના અહોભાવની શી વાત થાય! તેમના હૃદયનું પ્રત્યેક સ્પંદન ગુરુભક્તિથી ધબકી રહ્યું છે. પોતે સ્વયં તત્ત્વપરિણત હોવા છતાં તત્ત્વની દરેક વાત પૂજ્ય ગુરુદેવને આગળ રાખીને કહે : 'ગુરુદેવે બધું સમજાવ્યું છે, ગુરુદેવે આ કાળે માર્ગ પ્રવર્તાવ્યો છે, ગુરુદેવે જ બધું આપ્યું છે, હું તો ગુરુદેવનો દાસ છું.' ગુરુદેવ કહેતા : ગજબ છે એમનો વિનય અને નમ્રતા. અહા! અધ્યાત્મતત્ત્વજ્ઞાનના અનેક પ્રકારોની સાથે ગુરુભક્તિનો પણ અનુપમ બોધપાઠ શીખવનાર ભગવતી માતાનો આપણા પર મહાન ઉપકાર છે.

આવા મહાન આત્મા પાસે નિમ્ન પ્રાર્થના કરીને હું મારું વક્તવ્ય પૂરું કરું છું.

'તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો.'

હે માતા! આપના શરણમાં અમે અમારું કલ્યાણ સાધીએ—એ જ અંતરની ભાવના.


નવું પ્રકાશન—

## વચનામૃત–પ્રવચન

(પહેલો ભાગ)

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર અધ્યાત્મરસભરપૂર હૃદયગ્રાહી પ્રવચનોનું પુસ્તકારૂઢ સુંદર સંકલન. કદ ક્રાઉન આઠ પેજ; પૃષ્ઠ સંખ્યા ૪૨૬ (પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન સહિત); સુંદર કવર-પેજ; પ્લાસ્ટિક-કવર સહિત. પડતર કિંમત રૂા. ૨૦; વેચાણકિંમત રૂા. ૧૨–૦૦; પ્રાપ્તિસ્થાન—શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર, સોનગઢ (PIN : ૩૬૪૨૫૦) તથા શ્રી વીતરાગ સત્સાહિત્ય-પ્રસારક ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર (PIN : ૩૬૪૦૦૧)

સૌ મુમુક્ષુભાઈઓને નમ્ર વિનંતી :

# કોઈ પણ પ્રકારનો અહમ્ પોષ્યા વિના

## નિજ આત્મહિતહેતુ પૂજ્ય બહેનશ્રીની આજ્ઞા શિરોમાન્ય ગણો

આજસુધી જેની અંતર્પરિણતિ સર્વ મુમુક્ષુઓને વીતરાગનો નિશ્ચય મોક્ષમાર્ગ બતાવી રહી છે તેવા ધન્ય અવતારી પૂજ્ય માતાજીને—પૂજ્ય ગુરુદેવ જેને માટે 'જગદંબા' કહે છે એવા આપણા સૌ મુમુક્ષુના જગદંબા પૂજ્ય માતાજીને હું આજના તેઓશ્રીના ૬૯ મા જન્મ જયંતીપ્રસંગે અત્યંત અત્યંત હૃદય પૂર્વક શ્રદ્ધા-સુમન અર્પું છું. આપણા મુમુક્ષુઓના એ સદ્‌ભાગ્ય છે કે આવા વિષમકાળમાં પણ આત્મજ્ઞાની સંતો આપણી સમક્ષ છે કે જેનું નિમિત્ત પામીને આપણે સૌ આપણું પરમહિત—આપણું આ મનુષ્યજીવન સાર્થક કરી શકીએ છીએ. આજના મંગલ દિવસે હું સૌ મુમુક્ષુઓ ભાઈઓને નમ્ર વિનંતી કરું છું કે કોઈ પણ પ્રકારનો અહમ્ પોષ્યા વિના નિજ આત્મકલ્યાણ માટે પૂજ્ય ભગવતીમાતાના ચરણમાં સદાય રહેવું, તેની આજ્ઞાને શીરોમાન્ય ગણવી અને જ્યાં સુધી આ આત્મા પોતાનું પરમહિત ન સાધે, ત્યાં સુધી નિરંતર એવા આત્માનું—પૂજ્ય ભગવતી માતાનું આપણને શરણ રહે—એ જ ભાવના. (—હીરાલાલ ભીખાલાલ, મુંબઈના ભાષણમાંથી)

* * *

....પરમ કૃપાળુ ગુરુદેવ દસ દસ સાલસે ભગવતી માતાકા બહોત પ્રચાર કર રહે થે. પૂજ્ય ગુરુદેવ જૈસી મહાન વ્યક્તિ અગર ભગવતી માતાકા પ્રચાર કર રહી થી તો ઉસકે પીછે કુછ કારણ હોગા. ગુરુદેવકો ખ્યાલ થા કિ ભગવતી માતાકો બહાર અનેકી કોઈ ભાવના નહીં હૈ પરંતુ સમાજકો ભગવતીમાતા જૈસી ધર્માત્મા પ્રાપ્ત હુઈ હૈ તો ઉસકી પૂર્ણ ભક્તિ હોની ચાહિયે.—એ ગુરુદેવકી ભાવના થી. કયોંકિ પૂજ્ય ગુરુદેવ સમઝતે થે કિ ભગવતીમાતા એક ઐસા ઉચ્ચ જીવ હૈ કિ આજ હિન્દુસ્તાનમેં કહીં ભી નહીં હૈ, ઔર હિન્દુસ્તાનકા મહાભાગ્ય હૈ કિ ઐસા મહાત્મા યહાઁ પધારે હુએ હૈં. ઉસ મહાત્માકો તો બહાર આનેકી કોઈ ભાવના નહીં હૈ પરંતુ મુમુક્ષુજન કો ઐસા સૌભાગ્ય પ્રાપ્ત હુઆ હૈ તો વહ પૂર્ણરૂપસે ઉસકી ભક્તિ કર શકે—ઐસી પ્રેરણાસે ગુરુદેવ હમેં પ્રમોદસે ભગવતી માતાકી ભક્તિ કરાતે થે. ઐસે મહાત્માકે ચરણોમેં આજ ઉનકે જન્મદિનકે સુઅવસર પર હમ ઔર આપ સબ મસ્તક ઝૂકા કર અભિનંદન વ્યક્ત કરતે હૈં. × × × (—સતીષકુમાર, મુંબઈના ભાષણમાંથી)

# પ્રશમમૂર્તિ ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ભક્તિભાવે ઉજવાયેલ ૬૯ મો જન્મજયંતી મહોત્સવ

આત્માર્થીઓના આત્મોદ્ધારક અધ્યાત્મતીર્થપ્રભાવક પરમ કૃપાળુ ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીએ જેમની સ્વાનુભૂતિનો તેમજ ધર્મસંબંધી જાતિસ્મરણજ્ઞાનઋદ્ધિનો મહિમા સમજાવીને આત્માર્થીઓ ઉપર મહાન કરુણા કરી છે એવા સ્વાનુભૂતિના પ્રખર પ્રેરણાદાયી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૯ મી જન્મજયંતી ૧૬૦૦ મુમુક્ષુ ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં પાંચ દિવસના મહોત્સવરૂપે અત્યંત હર્ષોલ્લાસપૂર્વક સોનગઢમાં ઉજવાઈ હતી.

આ માંગલિક ઉત્સવના ઉપલક્ષમાં શ્રાવણ સુદ ૧૩ થી શ્રાવણ વદ ૨ સુધી 'પંચપરમેષ્ઠી મંડલ-વિધાન-પૂજા' સકલ સંઘે ઉલ્લાસથી વિધિપૂર્વક કરી હતી. આ મંડલ-વિધાન-પૂજન સ્વ. રજનીકાંત ધીરજલાલ રાજકોટવાળા તરફથી રાખવામાં આવી હતી. શ્રાવણ વદ ૨ ના સવારે ૧૦ વાગે શ્રી ગોગીદેવી બ્રહ્મચર્ય આશ્રમમાં તેઓશ્રીના નિવાસસ્થાને પૂજ્ય બહેનશ્રીના દર્શન–શ્રવણનો ઉપસ્થિતિ મુમુક્ષુ સમાજને લાભ મળ્યો હતો.

શ્રાવણ વદ બીજના સવારે શ્રી પંચપરમેષ્ઠી મંડલ-વિધાન પૂજાની પૂર્ણાહુતિ કરીને, શ્રી પરમાગમમંદિરમાં શ્રી સમયસાર શક્તિ ઉપરનું પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તેમજ અત્યંત ભાવવિભોર ઉદ્ગારો દ્વારા પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણના માધ્યમથી પોતે સૂર્યકીર્તિ તીર્થંકર થશે, ગયા ભવમાં મહાવિદેહક્ષેત્રમાં ભગવાન શ્રી સીમંધરસ્વામીની દિવ્યધ્વનિનો લાભ લેતાં હતા ને આચાર્યદેવ શ્રી કુંદકુંદસ્વામીના સાક્ષાત્ દર્શનનો લાભ મળેલો વિગેરે વિગતથી ટેપ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી સાંભળીને સૌ કોઈ ખૂબ જ પ્રમુદિત થયા હતા.

ટેપ-રેકોર્ડિંગ પ્રવચન બાદ સકલ સમાજ વતી કેટલાક મુમુક્ષુઓ દ્વારા ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી પ્રતિ પોતાની શ્રદ્ધા–ભક્તિ વ્યક્ત કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં બ્ર. શ્રી ચંદુભાઈ, શ્રી હીરાભાઈ ભીખાભાઈ મુંબઈ, બ્ર. સંતોષકુમાર વિદિશા, શ્રી સતીષભાઈ મુંબઈ તથા શ્રી પં. પ્રહલાદજી મનસૌરવાળાએ પોતાના વક્તવ્યો રજૂ કર્યા હતા, બીજા ઘણા મુમુક્ષુઓ પણ શ્રદ્ધા-ભક્તિ વ્યક્ત કરવા માંગતા હતા પણ મર્યાદિત સમયના કારણે તેમને તે સુઅવસર સાંપડ્યો ન હતો.

ત્યારબાદ શ્રી ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના દર્શન-શ્રવણ તેમજ તેઓશ્રીને હીરાથી વધાવવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિને કારણે પૂજ્ય બહેનશ્રીને આ બધું ગમતું ન હોવા છતાં ભક્તોની ભાવભરી ભક્તિને વશ આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ઉપસ્થિત સર્વે ભક્તોને શાંતિથી પૂજ્ય બહેનશ્રીના દર્શનનો લાભ મળ્યો હતો. મુમુક્ષુઓની માગણી થવાથી પૂજ્ય બહેનશ્રીએ માંગલિક કહીને, પૂજ્ય ગુરુદેવશ્રીનો અત્યંત ઉપકાર-મહિમા વ્યક્ત કરીને જ્ઞાયકસ્વભાવનું તલસ્પર્શી માર્મિક સંબોધન કર્યું હતું.

દર્શન-શ્રવણના આ કાર્યક્રમ બાદ પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રીને હીરા-માણેક-મોતીથી વધાવવાનો લાભ નીચે મુજબના પરિવારોને મળ્યો હતો.

૧ શ્રી લીલાબેન ધીરજલાલ બોરડીયાની સુપુત્રીઓ
૨ શ્રી પોપટલાલ છગનલાલ શાહ, (લીંબડીવાળા)
૩ શ્રી ચીમનલાલ ઝોબાળિયા પરિવાર
૪ શ્રી શોભાબેન મોહનલાલ ભાયાણી તથા શ્રી મોહનલાલ
કેશવજી ભાયાણી પરિવાર (લાઠીવાળા)
૫ શ્રી ધીરજલાલ લાલચંદ ગાંધી (માટુંગા) પરિવાર
૬ શ્રી સમતાબેન માણેકલાલ શાહ (ખાર–મુંબઈ)
૭ શ્રી કાંતાબેન હિંમતલાલ ડેલીવાલા
૮ શ્રી જયાબેન છબીલદાસ વારીયા (મહુવા)
૯ શ્રી લાભુભાઈ છગનલાલ મહેતા (વડોદરા)
૧૦ શ્રી ડૉ. ઇન્દ્રકુમાર જૈન ખંડવા
૧૧ શ્રી મનસુખલાલ જીવણલાલ શેઠ હસ્તે બ્ર. પ્રેમીલાબેન, (અમદાવાદ)
૧૨ શ્રી રાજાબહાદુર ફકીરચંદ ખંડવા

પૂજ્ય બહેનશ્રીને વધાવવામાં આવેલાં હીરાની કુલ રકમ રૂપિયા ૭૫ હજાર, '૬૯'ના અંકમાં આવેલ રકમ રૂપિયા ૪૨ હજાર તેમ જ તેઓશ્રીના ચરણે ધરવામાં આવેલ રકમ રૂપિયા ૧૧૩૦૦/–એમ ૬૯ મી જન્મજયંતીની ખુશાલીમાં આવેલી આ કુલ રકમ રૂપિયા એકલાખ અઠ્ઠાવીશ હજાર ત્રણસો દાતારોની નોંધ પ્રમાણે શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટના વિવિધ ખાતે ઉપયોગમાં લેવામાં આવશે.

આ સુમંગલ–અવસર નિમિત્તે શ્રાવણ વદ બીજના રોજ સવારે ૧૧ વાગે હાર તથા શ્રીફળ લઈને પૂજ્ય શાંતાબેન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના દર્શન કરવા આવ્યા હતા.

૬૯મી જન્મજયંતીના ઉપલક્ષમાં રાખવામાં આવેલ આ પાંચ દિવસના મહોત્સવનાં

૧૦ ટંક માટે શ્રી હીરાલાલ ભીખાલાલ દહેગામ, શ્રીમતી રમાબેન ઇન્દ્રવદનભાઈ શાહ મુંબઈ, શ્રી જગજીવનદાસ ચતુરભાઈ સુરેન્દ્રનગર, શ્રી અમુલખભાઈ લાલચંદ શાહ જોરાવરનગર, શ્રી મીઠાલાલ મગનલાલ હીંમતનગર, શ્રી ઉમેદલાલ ગોકળદાસ રાજકોટ, શ્રી પ્રાણજીવન હરજીવનદાસ પોરબંદર, શ્રી ભાઈલાલ ઘેલાભાઈ શાહ મદ્રાસવાળાને મહેમાનોને સ્વામીવાત્સલ્યભોજન આપવાનો લાભ મળ્યો હતો. તેમજ રક્ષાબંધનના દિવસે સ્વ. હેમકુંવરબેન કામાણી તરફથી, શ્રાવણ વદ એકમના રોજ મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈના ૧૦૦મા વર્ષમાં પ્રવેશની ખુશાલીમાં શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ તરફથી અને જન્મજયંતીની ખુશાલીમાં શ્રી સવિતાબેન વ્રજલાલભાઈ ડેલીવાળા સુરત તરફથી સકલ સંઘને સ્વામીવાત્સલ્યભોજન આપવામાં આવ્યું હતું. તેમજ શ્રી પ્રેમજીભાઈ દેવજીભાઈ મલાડ, સ્વ. શ્રી કપૂરચંદ સુખલાલ કોઠારીનો પરિવાર, શ્રી મનહરલાલ રેવાશંકર દોશી તથા શ્રી શામજીભાઈ ભાણજીભાઈ છેડા ગોરેગાવવાળાએ મહેમાનોને સવારે ચા-નાસ્તો આપવાનો લાભ લીધો હતો.

આ માંગલિક મહોત્સવના ઉપલક્ષમાં શ્રાવણ વદ બીજના રોજ શ્રી પુષ્પાબેન મનસુખલાલ દોશી તરફથી 'વચનામૃત પ્રવચનો' ભા. ૧ નું અર્ધી કિંમતે વેચાણ જાહેર કરવામાં આવ્યું હતું. ભારતભરના અનેક સ્થળેથી અગ્રણી વ્યક્તિઓના તેમજ મુમુક્ષુ મંડળના પૂજ્ય બહેનશ્રીને અભિનંદનના તાર આવ્યા હતા.

આ રીતે ભક્તહૃદયોના માનસપટ ઉપર આહ્‌લાદકારી સ્મરણો અંકિત કરતો ૬૯ મો જન્મજયંતી મહોત્સવ ભક્તિભાવે પૂર્ણતાને પામ્યો હતો.

## શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી.

શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં અને સંસારમાં તફાવત નથી. આહાહા! ક્યાં પૂર્ણાનંદની પ્રગટતારૂપ મુક્ત દશા અને ક્યાં અનંત દુઃખમય સંસાર પર્યાય! છતાં તે મુક્તિ કે સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધતત્ત્વના રસિક પુરુષો કહે છે. કેમ કે સંસાર પણ પર્યાય છે અને મુક્તિ પણ પર્યાય છે. એ પર્યાય આશ્રય કરવા લાયક નથી એ અપેક્ષાએ મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો એટલે શુદ્ધતત્ત્વના અનુભવી પુરુષો કહે છે. નિયમસાર ગાથા ૫૦ માં કહે છે કે શુદ્ધ નિશ્ચયના બળે ઉદયભાવો તો હેય છે જ પણ ઉપશમ આદિ ભાવની નિર્મળ પર્યાય છે તે પણ હેય છે. શુદ્ધનિશ્ચયના બળે ચારે ભાવ હેય છે તેમ કહ્યું છે. અહીં કહે છે કે મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધ તત્ત્વના રસિક એટલે અનુભવી પુરુષ કહે છે. —પૂજ્ય ગુરુદેવ

અધ્યાત્મતીર્થધામ સુવર્ણપુરીમાં સાનંદ ઉજવાયેલ

# આદરણીય શ્રી રામજીભાઈ દોશી જન્મ-શતાબ્દિ સમારોહ તથા સફળતાપ્રાપ્ત શિક્ષણ-શિબિરની સાનંદ પૂર્ણતા

આત્મપિપાસુ જીવોના જીવનમાં—હૃદયમાં, વર્તનમાં ને વાણીમાં—જેઓ સર્વાધિકપણે ઉપકારી શ્રીગુરુ તરીકે બિરાજી રહ્યાં છે-એવા મહાન મહાન ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની અનુપસ્થિતિમાં પણ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા આયોજિત દરેક પ્રસંગોનો લાભ લેવા ગામેગામથી મુમુક્ષુ ભાઈ-બહેનો હોંશેહોંશે આવે છે. તે રીતે તા. ૨૮-૭-૮૨ થી તા. ૬-૮-૮૨ સુધી રાખવામાં આવેલ શિક્ષણ-શિબિરમાં ભાગ લેવા માટે દેશભરમાંથી —ભિન્ન ભિન્ન ૯ પ્રાંતોમાંથી મુમુક્ષુ ભાઈઓ ભાગ લેવા આવ્યા હતા. તદુપરાંત આદરણીય મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીના ૧૦૦ મા વર્ષમાં પ્રવેશના શતાબ્દિ સમારોહ માટે તેમજ પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૯ મી જન્મજયંતી ઉજવવાનો લાભ લેવા અત્યંત ઉત્સાહથી ગામેગામથી મુમુક્ષુ ભાઈ-બહેનો સોનગઢ આવ્યા હતા.

તા. ૨૮-૭-૮૨ ના રોજ સોનગઢની ધાર્મિક દિનચર્યા મુજબ સવારે જિનમંદિરમાં જિનેન્દ્રપૂજન અને ત્યાર બાદ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર-પરિશિષ્ટની ૪૭ શક્તિ ઉપરનું ટેઈપ-પ્રવચન રાખવામાં આવ્યું હતું. પ્રવચન બાદ માનનીય પ્રમુખશ્રી રામજીભાઈ દોશીએ માંગલિક સંભળાવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના અસીમ ઉપકારનું સૌને સ્મરણ કરાવીને શિક્ષણ શિબિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

દર વર્ષની માફક આ શિક્ષણ-શિબિર દરમિયાન રોજના ભરચક કાર્યક્રમો રહ્યા હતા. સવારે-જિનેન્દ્ર-પૂજન, ૮॥ થી ૯॥ ૧૯૭૭ ની શિક્ષણ-શિબિર વખતના શ્રી સમયસાર-પરિશિષ્ટની ૪૭ શક્તિઓ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક-મસ્તીસભર પ્રવચનોનું ટેઈપ-રેકોર્ડિંગ પ્રવચન, ૯॥ થી ૧૦॥ બ્ર. શ્રી ચંદુભાઈ ઝોબાળિયા દ્વારા ઉત્તમ વર્ગ તથા પં. શ્રી ચીમનલાલ તારાચંદ દ્વારા જઘન્ય વર્ગ, બપોરે ૩ થી ૪ ભિન્ન ભિન્ન વક્તાઓના પ્રવચન, ૪॥ થી ૫॥ શ્રી નવલચંદભાઈ દ્વારા ઉત્તમવર્ગ તથા પં. શ્રી ચીમનલાલ તારાચંદ દ્વારા જઘન્યવર્ગ, સાંજે ૭॥ થી ૮॥ 'બહેનશ્રીનાં વચનામૃતો' ઉપરના ૧૯૭૮ ના શિક્ષણશિબિર વખતના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનું ટેઈપ-રેકોર્ડિંગ પ્રવચન અને ત્યારબાદ રાત્રે ૮॥ થી ૯॥ ભિન્ન ભિન્ન વક્તાઓના પ્રવચન રાખવામાં આવતા હતા. દરેક કાર્યક્રમોમાં સારી એવી સંખ્યામાં મુમુક્ષુઓની ઉપસ્થિતિ રહેતી હતી.

પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે સફળતાને પ્રાપ્ત આ શિક્ષણ-શિબિરની સફળતામાં ઉત્તમ વર્ગ અને જઘન્ય વર્ગનું સંચાલન કરનાર બ્ર. શ્રી ચંદુભાઈ અને પં. શ્રી નવલચંદભાઈની તથા પં. શ્રી ચીમનભાઈ કામદારની વિશિષ્ટ શિક્ષણ-શૈલીનો, તેમ જ

પં. ડો. પ્રવિણુભાઈ દોશી, પં. શ્રી શશીભાઈ, પં. શ્રી હિંમતભાઈ ઝોબાળિયા, ભૂતપૂર્વ ન્યાયાધીશ શ્રી ડાહ્યાભાઈ, પં. શ્રી હીરાભાઈ (દહેગામ), પં. શ્રી ચીમનભાઈ મોદી, પં. શ્રી પ્રાણુભાઈ કામદાર, આદિ વક્તાઓના વૈવિધ્યપૂર્ણ પ્રવચનોનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

શ્રાવણ વદ એકમના રોજ આપણી સંસ્થાના આદ્ય-સ્થાપક, આત્મધર્મના આદ્ય-સંપાદક વયોવૃદ્ધ માનનીય મુરબ્બી પ્રમુખ શ્રી રામજીભાઈ દોશીના આગામી ભાદરવા સુદ ૪ના રોજ ૧૦૦મા વર્ષમાં પ્રવેશનો જન્મ-શતાબ્દિ સમારોહ હર્ષોલ્લાસ પૂર્વક યોજાયો હતો. દરરોજ મુજબ જિનેન્દ્ર પૂજન ને ટેઈપ પ્રવચન બાદ સૌ પ્રથમ મુરબ્બી શ્રી રામજીભાઈએ દીપમાળ પ્રગટાવી હતી. ત્યાર બાદ આદરણીય પં. શ્રી હિંમતભાઈએ માનનીય પ્રમુખશ્રી રામજીભાઈનો જીવન-પરિચય વર્ણવીને સકલ મુમુક્ષુ સમાજ વતી અભિનંદન વ્યક્ત કરતું ભાષણ કર્યું હતું. તેમ જ શ્રી રતિભાઈ ધીયા (રાજકોટ) અને જયપુરના શ્રી અભયકુમારે જૈનપથપ્રદર્શકનો વિશેષાંક પ્રકાશિત કરીને અભિનંદન-ભાષણ કર્યાં હતા, તથા શ્રી બાબુભાઈ (ફતેપુર)નો અભિનંદન-સંદેશો વાંચી સંભળાવામાં આવ્યો હતો. અભિનંદન-વક્તવ્ય બાદ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અને સકલ મુમુક્ષુ સમાજ વતી ચાંદીના કાસ્કેટમાં મૂકેલું અભિનંદન-પત્ર પં. શ્રી હિંમતભાઈએ માનનીય પ્રમુખ શ્રી રામજીભાઈને અર્પણ કર્યું હતું અને તે પહેલાં પં. શ્રી હિંમતભાઈએ સભા સમક્ષ અભિનંદન-પત્રનું વાંચન કર્યું હતું. અભિનંદન પત્રની અર્પણવિધિ બાદ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, પ્રમુખ વ્યક્તિઓ, ઉપરાંત સેંકડો મુમુક્ષુ ભાઈઓએ પૂજ્ય બાપુજીને સુખડના હાર પહેરાવીને જન્મશતાબ્દિના અભિનંદન આપીને, જે રીતે આપે વર્ષોથી સંસ્થાની સેવા કરીને સંસ્થાની પ્રતિષ્ઠા ફેલાવી છે તે રીતે આપની છત્રછાયા ચિરકાલીન બની રહો એવી શુભકામના વ્યક્ત કરી હતી.

* આદરણીય રામજીભાઈ દોશી જન્મશતાબ્દિ સમારોહની ખુશાલીમાં શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ તરફથી સકલ સંઘને સ્વામીવાત્સલ્યભોજન આપવામાં આવ્યું હતું.

* રાત્રે ટેપ-રેકોર્ડિંગ-પ્રવચન બાદ ફિલ્મ દ્વારા પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ મળ્યો હતો. ત્યારબાદ માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈના ઘરે બહેનો માટે સમૂહ-ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

* જન્મશતાબ્દિ મહોત્સવના પ્રતીકરૂપે મૂળ પરમાગમો પ્રકાશિત કરવા માટે એક ગ્રંથમાળા ચાલુ કરવા માટે રૂપિયા એંસી હજારની દાનરાશિની નોંધ થઈ હતી; આ ફંડમાં રૂપિયા એકાવન હજાર શ્રી રાજકોટ મુમુક્ષુ મંડળ તરફથી જાહેર થયા હતા.

* ભારતભરના અનેક મુમુક્ષુઓ તરફથી જન્મશતાબ્દિ પ્રસંગે શુભકામનાઓના તાર-સંદેશાઓ આવ્યા હતા.

* આ ત્રણે સમારોહના ઉપલક્ષમાં છેલ્લા ૩ દિવસ માટે શ્રી કાંતીભાઈ મોટાણી તરફથી પુસ્તકની વેચાણ કિંમતમાં ૨૫% ઘટાડો જાહેર કરાયો હતો.

* છેલ્લા બન્ને દિવસો દરમિયાન શ્રી કુંદકુંદકહાન દિ. જૈન ભજનમંડળી ઘાટકોપર દ્વારા ભક્તિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

* 'વચનામૃત પ્રવચન' ભા. ૧ ની પ્રકાશનવિધિ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીના શુભહસ્તે કરવામાં આવી હતી.

* આ દસ દિવસના દરેક કાર્યક્રમમાં શતાયુ માનનીય શ્રી રામજીભાઈ દોશીની સમયસરની નિયમિત ઉપસ્થિતિ મુમુક્ષુઓને પ્રેરણારૂપ બની હતી.

—ઇત્યાદિ વિવિધ ધાર્મિક કાર્યક્રમો દ્વારા શિક્ષણ શિબિર, આદરણીય શ્રી રામજીભાઈ દોશી શતાબ્દિ સમારોહ તથા પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૯ મી જન્મજયંતી મહોત્સવ અત્યંત ભક્તિભાવે હર્ષોલ્લાસપૂર્વક સોનગઢમાં ઉજવાયો હતો.

---

૬૩ મી જન્મજયંતીની ખુશાલીમાં રૂા. ૫×૬૩ શ્રી રતિલાલ મોહનલાલ ચીયા, રાજકોટ તરફથી (અંક નં. ૪૬૫ માં આ રકમ છાપવી રહી ગયેલ. દાતાઓને નમ્ર વિનંતી કે કોઈ દાતારના દાનની વિગત છાપવી બાકી રહી ગઈ હોય તો શ્રી દિ. જૈન સ્વા.મંદિર ટ્રસ્ટ, સોનગઢ ઉપર લખીને જણાવવું.) * * *

## * જે સર્વને જાણતો નથી તે એક આત્માને પણ જાણતો નથી *

અનંતા દ્રવ્યોનો સમુદાય તે જ્ઞેયો છે ને આત્મા જ્ઞાતા છે. સ્ત્રી-પુત્ર આદિ જ્ઞાનમાં જણાય એવા જ્ઞેય તરીકે છે પણ સ્ત્રી-પુત્ર આદિ મારા તરીકે છે એમ નથી. અનંતા દ્રવ્યો ને પર્યાયોનો સમુદાય જ્ઞેય છે ને આ આત્મા જ્ઞાતાદ્રવ્ય છે અર્થાત્ બીજા જીવને મારી શકે કે રાખી શકે એવો તું નથી પણ બીજા જીવને જાણનારો જ્ઞાતાદ્રવ્ય છો. પ્રભુ તારી મોટપ કેવી?—કે તારા શ્રુતજ્ઞાનમાં અનંતા દ્રવ્યો ને પર્યાયોને જાણનારો તું છો. પણ એવો હું જ્ઞાતા છું એમ ન માનતા, હું પરનું કાંઈ કરી દઉં—એવું માનીને તેં જ્ઞાતાને મારી નાખ્યો છે. ત્રણકાળની પર્યાયો સહિત જગતના બધા પદાર્થો જ્ઞેય છે ને આત્મા જ્ઞાતા છે. પરંતુ એવું કોઈ જ્ઞેય નથી કે આત્માનું સુખ તેમાં હોય. પરદ્રવ્યો જ્ઞેય ને આત્મા જ્ઞાતા એટલો માત્ર જ્ઞેયજ્ઞાયકનો વ્યવહાર સંબંધ છે. જ્ઞેયો છે તે જ્ઞાનમાં નિમિત્ત છે ને જ્ઞાન તે બધાને જાણવા-આકારે પરિણમે એવો જ્ઞાનનો સ્વભાવ છે. બધાને જાણવારૂપ પરિણમવું એ જ્ઞાનનો સ્વભાવ છે. તેથી જો એ સમસ્ત જ્ઞેયને ન જાણે તો પોતાનું જાણવારૂપ એકરૂપ સ્વરૂપ છે તેને પણ તે જાણતો નથી. બધાને જાણવારૂપ પરિણમે છે એ ચૈતન્યરૂપે પરિણમે છે, પોતાના સ્વાનુભવ પ્રત્યક્ષપણે પરિણમે છે. —પૂજ્ય ગુરુદેવ

# "બાપુજી અને હું"

—શ્રી સુમનભાઈ આર. દોશી, મુંબઈ

હું બાપુજીને બાપુજી તરીકે સંબોધન કરું છું. હું મારી જાતને ઘણી જ નસીબદાર માનું છું કે હું ૨ાા વર્ષનો હતો ત્યારથી મારી માતાની ગેરહાજરીમાં મારા બાપુજીએ મારી સંભાળ રાખી. બાપુજીનો મને કાયમી સહવાસ નાની ઉંમરથી જ મિત્ર, સહાયક ને માર્ગદર્શક તરીકે રહ્યો છે. આ સુખદ સહવાસ હજી પણ ચાલુ છે અને પ્રાર્થના કરું છું કે વર્ષો સુધી ચાલુ રહે.

બાપુજી સાથે રહેવાનો અનુભવ જુદા જ પ્રકારનો હતો. પાંચ વર્ષની ઉંમરથી જ મને મારા જીવન વિશેના નિર્ણયો લેવામાં પ્રોત્સાહન આપ્યું હતું. મારો અભ્યાસ કારકીર્દિ, લગ્ન અને બીજા કોઈ પણ જાતના મારા જીવનને લગતા કાર્યો વિશે મારે જ નિર્ણય લેવા તેવી તેમની ઇચ્છા હતી. કોઈ પણ જાતની દુનિયાદારીની લૌકિક બાબતો વિશે તેમણે મને શીખામણ, દોરવણી, સલાહ કે ઠપકો આપ્યો નથી. મારે કાંઈ પણ કરવું હોય, તો તેઓની સંમતિ હકારમાં જ રહેતી અને આગળ વધવાનું કહેવામાં આવતું. તેઓ મને કોઈ દિવસ મારા મિત્રો વિશે, મારી કોલેજ વિશે કે મારી લગ્નની બાબતમાં કે મારે કયાં ધંધો કરવો તે બાબતમાં પૂછપરછ કરતાં જ નહીં. પરંતુ ધર્મની બાબતમાં તેઓ બહુ જ ચોક્કસ હતા અને મને શીખામણ પણ આપતાં કે ધર્મના સાચા માર્ગે ચાલવું ને પ્રમાણિકપણે પોતાનું જીવન વિતાવવું.

બાપુજી કોઈ વિશિષ્ટ પ્રકૃતિના પ્રતિભાશાળી વ્યક્તિ છે. જુદી જુદી જાતની શક્તિઓ તેનામાં એકઠી થયેલી છે કે જેવી બીજામાં ભાગ્યે જ જોવા મળે. નીચેના વૃતાંતો ઉપરથી આ બાબતનો વિશેષ ખ્યાલ આવી શકશે.

**પ્રારંભ અને સફળતા** :—બાપુજી સો વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના ગોંડલ શહેરમાં જન્મ્યા હતા. એમ્મે યુનિવર્સિટીની મેટ્રીકની પરીક્ષા ૧૭મે નંબરે પાસ કરી હતી. આગળનો અભ્યાસ સ્ટ્રીટલાઈટમાં (રસ્તા ઉપરની સરકારી લાઈટમાં) કરીને એડવોકેટની ડિગ્રી મેળવી હતી. ૧૯૦૭માં રાજકોટ વકીલાતના ધંધાર્થે ગયા હતા. બહુ જ ટૂંક સમયમાં એક સારા વકીલ તરીકે તેમની ખ્યાતી સૌરાષ્ટ્રમાં પ્રસરી ગઈ હતી. તેમના વખતના બેરીસ્ટરો કરતાં પણ કાયદાના નિષ્ણાત તરીકે તેઓની ખ્યાતી વધારે હતી. કારણ કે તેમની વકીલાત જામતી જતી હતી અને તેમની ખ્યાતિ દૂર દૂર ફેલાતી હતી અને તેને લઈને તેમને રાજકોટથી અમદાવાદ ને મુંબઈની કોર્ટોમાં તેમનાં અસીલ માટે વકીલાત માટે જવું પડતું હતું. જ્યાં તેમને બાહોશ બેરીસ્ટરો જેવા કે ભૂલાભાઈ દેસાઈનો સામનો કોર્ટમાં રહેતો હતો.

**વકીલાતની કારકીર્દિ:**—તેઓ પોતાનાં અસીલો માટે સખત પુરુષાર્થ કરતા. રાત્રે મોડે સુધી અને સવારે વહેલાં પોતાના કેસો તૈયાર કરવામાં સમય ગાળતાં, કોર્ટમાં કેસ દાખલ કર્યા પહેલાં તેઓ ઘણી કાયદાપોથીઓ અને કોર્ટોના ચુકાદાને લક્ષમાં લેતાં. ખાસ કરીને ગૂંચવાડાવાળા મુશ્કેલ કેસવાળા અસીલો તેમની પાસે આવતા અને ઘણા ખરા ચુકાદાઓ તેમની તરફેણમાં જ આવતાં. એટલું જ નહીં પરંતુ અમુક કિસ્સાઓ કે જેમના વિષે ભાગ્યે જ આશા રાખી શકાય કે તેમની તરફેણમાં ચુકાદો આવશે તેવા કેસમાં પણ તેમની જીત થતી અને આના પરિણામે "બ્રિટિશ ન્યાયાધીશોને ધોળે દિવસે તારા બતાવનાર" તરીકેની તેમની છાપ પડી હતી. પૂજ્ય ગુરુદેવશ્રી પણ આ વાત વારંવાર સભા સમક્ષ કરતા હતા.

વકીલ તરીકે પણ તેઓ ખાદીની પાઘડી અને કોટ પહેરતાં હતાં, જ્યારે બીજા વકીલો સુટ અને કાળો લાંબો ઝભ્ભો પહેરીને કોર્ટમાં આવતાં. અર્થાત્ તેમણે ડ્રેસની બાબતમાં કદી આંધળું અનુકરણ કર્યું ન હતું. બ્રિટિશ ન્યાયાધીશોની મહેરબાની સંપાદન કરવા તેઓ કોઈ દિવસ તેમને ઘરે મળવા જતા નહીં. તેમજ નાતાલ દરમિયાન કોર્ટ-ચેમ્બરમાં પણ સાધારણ સીરસ્તા મુજબ બીજા વકીલોની જેમ ન્યાયાધીશોને મળતા નહીં. તેમ છતાં બધા ન્યાયાધીશો તેમનું બરાબર સન્માન કરતાં. તેઓ ઘણા કાળ સુધી સૌરાષ્ટ્રના બાર એસોસીયેશનના પ્રમુખપદે રહ્યા હતા. દેશ સ્વતંત્ર થયા બાદ તેઓને સૌરાષ્ટ્રના મુખ્ય ન્યાયમૂર્તિ નીમવાની દરખાસ્ત કરવામાં આવી હતી, જે તેમણે પોતાના આત્મકલ્યાણ માટે નકારી દીધી હતી.

**સત્યનિષ્ઠા અને પ્રમાણિકતા—**

ભાગ્યે જ તમને બાપુજી જેવા પ્રમાણિક, સરલ, અને સીધા માણસ જોવા મળશે. તેમને પૈસા કે માલ, મિલ્કતની દરકાર ન હતી. તેમનો સિદ્ધાંત હતો કે રોજીંદા જીવનમાં પ્રમાણિકપણે રહેવાની કાળજી રાખવી અને કાયદાને માન આપવું. તેમની માન્યતા મુજબ જ તેમનું વર્તન હતું. નીચેના ઉદાહરણો તેમનું આંતરિક વ્યક્તિત્વ પ્રકાશે છેઃ—

તેમની વકીલાતની એક દિવસની ફી રૂપિયા ૬૫/-હતી, પછી કેસ ગમે તેટલો મુશ્કેલ હોય તોપણ તેઓ કદી અધિક ફી ન લેતા. એક વખત એવું બન્યું કે એક પારસી કુટુંબ છેલ્લા ૧૮ વર્ષથી તેમના બાપદાદાની મિલ્કત માટે કોર્ટમાં લડતું હતું અને નીચલી કોર્ટોમાં હારી ગયેલા હતાં. તેમણે છેલ્લી નિર્ણયાત્મક કોર્ટ માટે બાપુજીને રોકેલા અને તેમનો કેસ એક મહિના સુધી ચાલ્યો અને આશ્ચર્યની વાત એ હતી કે જે કેસ જીતવાને માટે પારસી કુટુંબને બહુજ ઓછી આશા હતી તે કેસનો ચૂકાદો સંપૂર્ણપણે પારસી કુટુંબની તરફેણમાં આવ્યો. જેનાથી રૂપિયા ૩૦ લાખ પારસી કુટુંબને મળ્યા. તેથી તેઓ એટલા ખુશી થયા કે તેઓએ બાપુજીને રૂપિયા પાંચ લાખ આપવાની

ઓફર કરી પરંતુ બાપુજીએ તે રકમ સ્વીકાર નહીં અને ફક્ત પોતાની નિશ્ચત ફી મુજબના રૂપિયા ૬૫/– લેખે ૩૦ દિવસના રૂા ૧૯૫૦/–માત્ર સ્વીકાર્યા.

અમે ઈ. સ. ૧૯૩૮ માં નવી ગાડી ખરીદી ને ૧૯૩૯ માં લડાઈ જાહેર થઈ જેના પરિણામે પેટ્રોલમાં કાપ મુકાયો અને ફક્ત છ ગેલન મહિના દીઠ મળે તે પ્રમાણે કુપન વેચવામાં આવ્યા. અમારા માટે આ ઘણું જ ઓછું સમજી અસીલોએ પોતાના કુપનો બાપુજીને સ્વીકારવા આગ્રહ કર્યો, પરંતુ બાપુજીએ તેમને ઘસીને ના પાડી દીધી. છેવટે ગાડીને ગેરેજમાં મૂકી દીધી. આવા સંજોગોમાં પણ ડ્રાઈવરને છૂટો કરવામાં આવ્યો ન હતો. કારણ કે કારને ગેરેજમાં મૂકવા પાછળ ડ્રાઈવરનો કાંઈ દોષ ન હતો.

૧૯૪૫ માં લડાઈ પુરી થઈ અને હું પૂના અભ્યાસ માટે ગયો ને મોટી બહેનના લગ્ન થઈ ગયા. હવે કારની જરૂર ન જણાતા તે વેચવાનો નિર્ણય કર્યો. સરકારે આવી જાતની ગાડીની કિંમત રૂા ૪૫૦૦/–નક્કી કર્યા હતા અને ત્યારે ખાનગી બજારોમાં તેની કિંમત રૂા ૧૫૦૦૦/– ગણાતી હતી. આ રકમની માગણી પણ ઘણા ખરીદનારા પાસેથી અમને મળી હતી પરંતુ બાપુજીએ કાયદાનું ઉલ્લંઘન ન થાય તેથી રૂા ૪૫૦૦/ માં જ ગાડી વેચી.

**ધાર્મિકવૃત્તિઃ**—વકીલાતની ધમધોકાર પ્રેક્ટીસ ચાલતી હોવા છતાં તેઓએ ક્યારેય વિપુલ ધન-સંપત્તિ એકઠી કરી નહીં. કારણ કે તેમનું જીવનધ્યેય આત્મિક સુખપ્રાપ્તિનું હતું અને પ્રથમથી જ તેઓ માનતા હતા કે ધર્મ જ સુખનો સાચો રસ્તો છે. મેં તેમને મોડી રાત સુધી ધાર્મિક પુસ્તકોનું વાંચન કરતાં જોયા હતા. તે બાબતની ચર્ચા પણ ઘણા લોકો સાથે કરતાં અને આ બાબતના નિર્ણય માટે તેઓ જુદી જુદી જગ્યાએ સાધુઓને અને ધાર્મિક મહાનુભાવોને મળ્યા હતા. પરંતુ કોઈનાથી તેમને સંતોષ થયો ન હતો. આખરે ૧૯૩૧ માં તેઓના હાથમાં શ્રીમદ્ રાજચંદ્રના લખાણ આવ્યા અને તેમને લાગ્યું કે તે કાંઈક ખરેખર અર્થસૂચક હતું. ત્યાર પછી અમે વર્ષમાં બે વખત વેકેશનમાં ખંભાતમાં શ્રીમદ્‌ના આશ્રમમાં જવા લાગ્યા. આ સમય દરમિયાન તેઓના હાથમાં દિગમ્બર શાસ્ત્રો આવ્યા અને તેનું પૃથક્કરણ અને ચર્ચા ધાર્મિક વૃત્તિવાળી ઘણી વ્યક્તિઓ સાથે કરવા લાગ્યા. મને બરાબર યાદ છે કે ૧૯૩૩ ના ઉનાળામાં શ્રી ધારશીભાઈ વકીલ સાથે ગોંડલમાં તેમને વાતચીત કરતાં મેં સાંભળ્યા હતા, તેમાં તેઓએ પૂછ્યું કે કુંદકુંદસ્વામી સમયસારમાં કહે છે કે "માટીનો ઘડો કુંભારથી બનાવાયો નથી પણ માટીથી જ બનેલો છે." આમ કેમ બની શકે?

ત્યાર બાદ ૧૯૩૧ થી ૧૯૩૪ સુધી બાપુજીએ શ્રી ભાઈચંદજી મહારાજ સાથે દિગમ્બર શાસ્ત્રોનું વાંચન અને ચર્ચા કરી. તેઓ પોતાનો ફુરસદનો સમય તેમની સાથે ચર્ચા કરવામાં અને ખંભાતમાં શ્રીમદ્ રાજચંદ્રના આશ્રમમાં ગાળતાં. તેમ છતાં આખરે

જ્યારે તેઓ શ્રી કાનજીસ્વામીના (ગુરુદેવના) પરિચયમાં આવ્યા ત્યારે તેમને ખાત્રી થઈ કે જેની શોધમાં તેઓ હતા તે સાચા ધર્મનો રસ્તો તેમને મળ્યો છે અને ત્યારથી તેઓની સત્ય ધર્મની શોધ પૂરી થઈ. બાપુજી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આકર્ષણ, વિશ્વાસ ને પ્રભાવ ઘણો હતો. નીચેના દૃષ્ટાંતો આ હકીકત દર્શાવે છે.

દરેક જણ જાણે છે કે હું મારા પિતાનો એક માત્ર પુત્ર છું અને મારી માતાના મૃત્યુ પછી તેમણે બીજા લગ્ન કર્યા ન હતા. મારી બાલ્યઅવસ્થામાં હું ઘણો જ બીમાર રહેતો હતો અને દશ વર્ષની ઉંમરે હું ઘણો જ બીમાર પડ્યો. ૩૦ દિવસની સતત માંદગી બાદ ડોકટરે મારી બચવાની આશા લગભગ છોડી દીધી હતી. બાપુજીએ કોર્ટમાંથી આવીને ઘરમાં કહ્યું કે હવે બે ત્રણ દિવસ મારે કોર્ટનું કોઈ કામ નથી અને હું સોનગઢ જવાનો છું. આ સાંભળી ડોકટરે અને ઘરના બીજા સભ્યોએ તેમને સોનગઢ જતાં રોકવાની આગ્રહભરી વિનંતી કરી, કારણ કે ત્યારે મારી તબીયત નાજુક હતી. તેના પ્રત્યુતરમાં તેમણે કહ્યું કે ગુરુદેવશ્રી જ મારે માટે સૌથી મહત્વપૂર્ણ છે. વળી સુમનભાઈનું આયુષ્ય હશે તો તેમને ઊંની આંચ પણ નહીં આવે અને જો આયુષ્ય પુરૂ થયું હશે તો તેમને કોઈ બચાવી પણ નહીં શકે અને તેઓ ત્રણ દિવસ માટે સોનગઢ ગયા.

**ગુરુદેવના સંગમાંઃ**—બાપુજી પહેલાં ગુરુદેવને મળેલા હશે પરંતુ મારી યાદદાસ્ત મુજબ ગુરુદેવનો સત્સંગ ૧૯૩૫ માં તેઓશ્રી સોનગઢ હતા ત્યારથી થયો છે. ત્યારપછી અમે વેકેશનમાં શ્રીમદ્ રાજચંદ્રના આશ્રમે જવાને બદલે સોનગઢમાં જવાનું રાખ્યું. શ્રી લાડચંદજી મહારાજ પણ કાળધર્મને પામી ગયા હતા.

શરૂઆતમાં સોનગઢમાં ભાગ્યે જ છ-એક માણસો ગુરુદેવની આસપાસ હતા. ગુરુદેવના વ્યાખ્યાન અને સ્વાધ્યાય શ્રી હિરાભાઈ દામાણીના "સ્ટાર બંગલા"માં થતા હતા. જે કોઈ થોડા મહેમાનો આવતા તેઓ વળાના ઉતારામાં ઉતરતા. ગુરુદેવે બાપુજીને પરિર્વતન માટે પોતાના વિશ્વાસમાં લીધા હતા. ત્રણ હિંમતવાન-નીડર મહાનુભાવો—શ્રી હરગોવિંદભાઈ મોદી, શ્રી હીરાભાઈ દામાણી અને બાપુજીએ નિર્ણય કર્યો કે ગુરુદેવની સાથે રહેશું અને કોઈ પણ જાતનો વિરોધ થશે તો તેમનો સામનો કરીશું.

ત્યાર પછી શું બન્યું તે તો પ્રસિદ્ધ ઇતિહાસ છે. બે અસાધારણ હિંમતવાન ને નીડર મહારથીઓ —પૂજ્ય ગુરુદેવ અને બાપુજી દરેક પ્રકારના પ્રસંગોમાં ૪૫ વર્ષ સુધી સાથે રહ્યા. તેમની ગુરુદેવ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા-ભક્તિ અને સોનગઢ ટ્રસ્ટ માટે તેમણે આપેલી સેવાઓ વિશે મારે કાંઈ કહેવાની જરૂર રહેતી નથી. તેઓ શું છે અને સોનગઢ શું છે તેના જીવંત ઉદાહરણરૂપ તેઓ છે.

અંતમાં તમોને જણાવવું જોઈએ કે બાપુજી સૌથી સુખી મનુષ્ય તરીકે જીવન જીવી રહ્યા છે. મેં તેમને કોઈ દિવસ નાસીપાસ થતાં, ગૂંગળામણ અનુભવતાં કે એક ક્ષણને માટે અસુખી જોયા નથી. તેમનું કારણ એ છે કે તેઓ સરલ સ્વભાવના, પ્રમાણિક, અને ગુરુદેવના સાચા શિષ્ય હોવાથી તેઓ કોઈનાથી ડરતા નથી. તેમને જે જોઈતું હતું તે તેમને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદથી મળેલ છે અને તેઓ ખરેખર એમ કહેવાને હકદાર છે કે "પૂજ્ય ગુરુદેવ જ્યારે તીર્થંકરપણે બિરાજમાન હશે ત્યારે તેમના સમવસરણમાં મારું સ્થાન અવશ્ય હશે."

—આ મારું પરમ સૌભાગ્ય છે અને મને ગૌરવ છે કે આવા પિતાશ્રીનો હું પુત્ર છું.

---

### શ્રી કુંદકુંદ-કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ મુંબઈ તરફથી એક નિવેદન

શ્રી પંચ પરમાગમ ઉપરનાં પરમ પૂજ્ય ઉપકારી સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો 'શ્રી પ્રવચન રત્નાકર'ની સીરીઝમાં બહાર પડી રહ્યાં છે. અત્યાર સુધીમાં ભાગ ૧ થી ૬ બહાર પડી ગયા છે અને ભાગ-૭ પૂજ્ય ગુરુદેવશ્રીના આગામી સમાધિદિને (કારતક વદ ૭) બહાર પડનાર છે.

અત્યાર સુધી આ યોજના મુજબ એક પુસ્તકમાં બે ફોટા મૂકવામાં આવતા હતાં. પરંતુ દાતારોની ભાવનાને માન આપીને હવે આઠમા ભાગથી એક પુસ્તકમાં એક જ ફોટો મૂકવાનો નિર્ણય કરવામાં આવેલ છે અને તે મુજબ નીચે પ્રમાણે સ્કીમ નક્કી કરવામાં આવેલ છેઃ—

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| રૂ. ૫૦,૦૦૦/– | આપનારનો | ૫૦૦૦ | પ્રતમાં | ફોટો | તથા | ૧૫૦ | પ્રત | દાતારને | ભેટ |
| ૪૦,૦૦૦/– | ,, | ૪૦૦૦ | ,, | ,, | ,, | ૧૨૫ | ,, | ,, | ,, |
| ૩૦,૦૦૦/– | ,, | ૩૦૦૦ | ,, | ,, | ,, | ૧૦૦ | ,, | ,, | ,, |
| ૨૦,૦૦૦/– | ,, | ૨૦૦૦ | ,, | ,, | ,, | ૭૫ | ,, | ,, | ,, |
| ૧૦,૦૦૦/– | ,, | ૧૦૦૦ | ,, | ,, | ,, | ૫૦ | ,, | ,, | ,, |
| ૫,૦૦૦/– | ,, | ૫૦૦ | ,, | ,, | ,, | ૨૫ | ,, | ,, | ,, |

તેમજ પ્રકાશન ખાતે રૂ. ૫,૦૦૦/–થી નાની રકમ આપનારની નામાવલી તે તે ભાગમાં છાપવામાં આવે છે. દાન માટે તથા પુસ્તક પ્રાપ્તિ માટેઃ—

શ્રી કુંદકુંદ–કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ,
૧૭૩–૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ–૨
ટેલીફોન–૩૨૫૨૪૧, ૩૪૬૦૯૯.

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)
પીન–૩૬૪૨૫૦

—ચીમનલાલ હિંમતલાલ શાહ
પ્રમુખ, શ્રી કુંદકુંદ–કહાન પરમાગમ પ્રવચન ટ્રસ્ટ, મુંબઈ.

# * પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત *

**—શ્રી રતિભાઈ ઘીયા, રાજકોટ**

પરમ પાવન પરમ પૂજ્ય શ્રી કુંદકુંદ આચાર્યઆદિ મહાન સંતોએ અધ્યાત્મ-વિદ્યાના પ્રચાર-પ્રસાર દ્વારા શ્રી દિગંબર જૈનધર્મનો ઉન્નત ધ્વજ ફરકાવ્યો હતો તેને ઉઠાવીને આધુનિક જૈન ઇતિહાસમાં જેમણે મહાન ક્રાંતિ કરી છે એવા આપણા પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો આપણા ઉપર અનંત અનંત ઉપકાર તો છે જ. એ અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત અનુયાયી અને સમસ્ત મુમુક્ષુ સમાજના સન્માન્ય આદરણીય મુરબ્બી વડીલશ્રી રામજીભાઈ-(બાપુજી) વર્તમાન દેહની અપેક્ષાએ ભાદરવા સુદ-૪ નાં દિને એકસોમાં વર્ષમાં પ્રવેશ કરે છે. તેમનો શતાબ્દિ જન્મોત્સવ આજે સર્વ મુમુક્ષુ સમાજ દ્વારા અત્યંત ઉલ્લાસથી ઉજવાઈ રહેલ છે. તેઓ સત્-ચિત્-આનંદસ્વભાવી નિજ આત્માના અવલંબને પંચમગતિને ઉગ્ર પુરુષાર્થ દ્વારા અલ્પભવમાં પામો એવી મંગલમય ભાવનાથી અભિનંદનપૂર્વક નમ્રતાથી વિનય અંજલિ અર્પણ કરીએ છીએ.

તેઓશ્રીએ શ્રી જિનેન્દ્રશાસનની અને પૂજ્ય ગુરુદેવશ્રીની અનેક વર્ષો સુધી અનુપમ સેવા કરી છે. અનેક શાસ્ત્રોનું સંકલન તથા સંપાદન કરેલ છે, તેના ઉપર પ્રવચનો આપેલ છે, સત્ સાહિત્ય પ્રકાશન આદિમાં અમૂલ્ય સહાય અને સલાહ આપી છે અને વખણાયા "પંડિત પછાડ"ના ઇલ્કાબથી જાણીતા છે. મોક્ષશાસ્ત્રનાં પ્રકાશન વખતે તેમણે જે મહેનત લીધેલ છે તે ધન્યવાદને પાત્ર છે. સોનગઢ સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થતા સર્વે ગ્રંથોનું અત્યંત ચીવટ અને ચોક્કસાઈ પૂર્વક પરીક્ષણ કરેલ છે.

અનેક વર્ષોથી સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ તથા રાજકોટનાં પ્રમુખ સ્થાને બિરાજીને તેમનું કુશળ સંચાલન કરેલ છે. અને કોઈ પણ સમાજમાં "શતાબ્દિ ઉજવાય તેવા કદાચ પ્રથમ જ પ્રમુખ હશે." સોનગઢમાં દર વર્ષે શિક્ષણ શિબિરમાં શિક્ષણ આપીને અનેક મુમુક્ષુઓને માર્ગદર્શન આપેલ છે. ગુજરાતી 'આત્મધર્મ'નાં સંપાદક તરીકે ખૂબ પ્રગતિ સાધી હતી. પૂજ્ય ગુરુદેવશ્રી સાથે અનેક તીર્થધામની પાવન યાત્રા કરી છે. અનેક પંચકલ્યાણક મહોત્સવમાં પ્રશંસનીય સહકાર આપેલ છે. રાજકોટની અનેક ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓની સેવા કરી છે.

તેઓશ્રી સિદ્ધાંતનિષ્ઠ-સત્યપ્રેમી-પ્રામાણિક-દિલની સચ્ચાઈવાળા નીડર-સ્પષ્ટ વક્તા-દંભ વગર-સધર્મપ્રેમી સજ્જન છે. જેનું જીવન—ગુણો આપણે અનુકરણ કરવા યોગ્ય છે. તેમજ બીજાઓ તરફથી ભૂલ માટે પોતાનું નામ આપી મારી જવાબદારી